५७५९

॥श्रीः॥

॥ श्रीमते रामानुजायनमः ॥

॥ स्तोत्र रत्नम् ॥

(आलवंदार स्तोत्रम्)

મૂળ સંસ્કૃત તથા ગુજરાતી
ટીકા સહીત.
છપાવી પ્રસિદ્ધ કરનાર,

अनंतप्रपन्न श्रीनिवासदास.
अथवा
त्रवाडी अमरजी वि. हरिशंकर.
तथा
नारायणप्रपन्न श्रीनिवासदास.
अथवा
महेताजी नथु भगवान धोलकीया.
वंडा प्रगणे कुडला.

અમદાવાદ.—"આર્યોદય પ્રેસ"માં છાપ્યું.
સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.
કિંમત રૂ ૦—૫—૦

અર્પણ પત્રિકા.

આચાર્યશ્રી.

कृष्णप्रपन्न श्रीनिवास स्वामि

तथा

रघुनाथप्रपन्न श्रीनिवासस्वामि.

આપણા પુજ્ય ગુરૂશ્રી, શ્રીમદ્ વેદમાર્ગ પ્રતિષ્ઠાપનાચાર્ય,
ઉભય વેદાંતજ્ઞ, શ્રીભગવદ્રામાનુજાર્ય વિશિષ્ઠાદ્વૈત સિદ્ધાંત
નિર્વાહક, સર્વ શાસ્ત્રાર્થતત્વજ્ઞ, ક્ષાંત્યૌદાર્ય્યાધનંત ક-
લ્યાણ ગુણગણ સમલંકૃત, સમસ્ત ચેતનોજીવન
નિબદ્ધ પરિકર, આચાર્યશ્રી ૧૦૮

श्रीकमलनयन श्रीनिवास स्वामिजी

ના પરમપદ થયા પહેલાં અને અદ્યાપિ પર્યંત
પણ આપનો અમારા ઉપર નિઃસિમ પ્રેમછે
તેથી તેમજ આ આલવંદારની ગુજરા-
તી ટીકા સ્વામીશ્રી તથા આપની
કૃપાનું ફળછે, એમ જાણી આ
પુસ્તક આપને અર્પણ
કરીએ છીએ.

લી. દાસાનુદાસ
અનંતપ્રપન્ન શ્રીનિવાસદાસ
તથા
નારાયણપ્રપન્ન શ્રીનિવાસદાસ.

પ્રસ્તાવના.

શ્રીયામુનાચાર્યસ્વામીને નમઃ

સંસ્કૃત તથા ગુજરાતી ભાષામાં ઘણાં ઇશ્વર પ્રાર્થનાનાં સ્તોત્ર છે, તેમાં આ આલવંદાર સ્તોત્ર સર્વ કરતાં શ્રેષ્ટ હોવાથી તેને સ્તોત્રરત્ન અથવા સ્તોત્રમણી પણ કહેછે, તેના કર્ત્તા શ્રીયામુનાચાર્યસ્વામી છે, તે ઇક્ષ્વાકુળ દૈવત શ્રીરંગનાથ ભગવાન, જેને કે સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાએ ઘણો મોટો તપ કરી બ્રહ્માને પ્રસન્ન કરી તેની નિત્યની પૂજા માગી લીધેલ હતી, ને તે ઇક્ષ્વાકુવંશમાં પેઢી દરપેઢી શ્રીરામચંદ્રજી સુધી પૂજાઇ, છેવટ જ્યારે રામચંદ્રજી આખી અયોધ્યાને લઇ પરમપદમાં ગયા ત્યારે લંકાના તેમના આશ્રિત રાક્ષસ રાજા વિભિશણને આપેલ; ને તે વિભિષણ તેને લંકા લઇ જતાં રસ્તામાં કાવેરીના બેટમાં મૂકી પેશાબ કરી નાહી શુદ્ધ થંઇ ફરી ઉપાડવા જતાં નહીં ઉપાડવાથી તેજ સ્થળે તે રંગનાથ ભગવાનની સ્થાપના કરી વિભિષણે એક સુંદર મંદીર અને

ફરતો કિલ્લો કરેલ; એવી રીતે તેને ફરતાં કિલ્લા બીજા રાજાઓએ પણ કરેલ છે; તેમ બધા થઇ કૂલ સાત કિલ્લા થયેલછે, તે રંગનાથ ભગવાનના મંદિરના શ્રીયામુનાચાર્યસ્વામી મુખ્ય માલેક હતા; અને તે ભગવાન રંગનાથસ્વામીની સાથે અરસપરસ બોલવા સુધીના પ્રભાવવાળા અનન્યભક્ત હતા; તેમણે શ્રીવૈશ્નવના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને નબળો થતો જોઇ શ્રીશઠકોપસ્વામી શ્રીએ દ્રાવિડ ભાષામાં કહેલ "સહસ્ત્રગીતી"ના આધારે શ્રીસંપ્રદાયનો પુનરોદ્ધાર કરનાર શ્રી શેશશાઇના અવતારરૂપ રામાનુજ સ્વામીને મોહ કરવાને માટે આ આલવંદાર સ્તોત્ર કરી પોતાના શીશ્ય મહાપૂર્ણસ્વામીને આપેલ, ને તે મહાપૂર્ણસ્વામીએ કાંચીપુરી જયાં કે શ્રીરામાનુજસ્વામી રહેતા હતા ત્યાં આવી તે સાંભળે તેમ વરદરાજ ભગવાન પાસે આ સ્તોત્રનો પાઠ કરતાંજ રામાનુજ સ્વામીના સાંભળવામાં આવેલ ને તેમાં રહેલ રહસ્ય જાણી મોહ થતાં આ સ્તોત્રના કર્ત્તાના દર્શન કરવાનો નિશ્ચય કરી શ્રીમહાપૂર્ણસ્વામી સાથે કાંચીપુરીથી શ્રીરંગનાથ ગયેલ તે દરમીયાન ઇશ્વર ઇચ્છાએ શ્રીયામુનાચાર્યસ્વામીનું પરમપદ થતાં મહા ખેદાતૂર થયેલ અને તે વખતે ત્યાં શ્રીરામાનુજ સ્વામીએ દૈવી ચમત્કાર

બતાવેલ જે વાત પ્રપન્નામૃત નામે ગ્રંથમાં પ્રસિદ્ધ છે;

આ સ્તોત્ર શ્રી વૈશ્નવ, વૈશ્નવ, રામાનંદી, સતસંગી વગેરે સગુણ વિશ્નુઉપાસી ભક્તોને સર્વદા પાઠ કરવા યોગ્ય સર્વ સ્તોત્રમાં મણીરૂપ થયેલ છે, તે તેની ખુબી જોયાથી આપોઆપ જણાઈ આવશે; કહ્યું છે કે—

यदिसंतिगुणाःपुंसां विकसंत्येवतेस्वयं॥
नहिकस्तूरिकामोदः शपथेननिवार्यते॥१॥

જે ગુણો જે પુરૂષોમાં રહેલા છે તે ગુણો પોતાની મેળેજ પ્રગટ થાય છે; જેમકે કસ્તુરીની સુગંધને માટે સોગન ખાવાની જરૂર રહેતી નથી,

આ સ્તોત્ર મૂળ સંસ્કૃતમાં હોવાથી દેશી ગુજરાતીભાઇઓ તેનું રહસ્ય ન સમજી શકે તેમ હોવાથી મૂળ સાથે ગુજરાતીમાં અર્થ અને કઠિન શબ્દ વગેરે પર ટીકા કરી છપાવેલ છે; જેથી સાધારણ વાંચનાર પણ પાઠ કરી અર્થ સમજવાથી વિશેષ આનંદ પામશે.

આ આલવંદારની ગુજરાતી ટીકા કરવામાં શ્રી જુના-

ગઢવાસી પરંપદ થયેલા સ્વામી શ્રી કમલનયન સ્વામીની હીંદુસ્તાની ભાષામાં કરેલ ટીકાનો આધાર લીધેલ છે માટે તેઓનો અમારા પર અતિ ઉપકાર થયેલ છે.

લી.

અનંતપ્રપન્ન તથા નારાયણપ્રપન્ન.

૬૪૫૯

શ્રી.

શ્રીમતે રામાનુજાય નમઃ

पद्माक्षदेशिकंवंदे जिर्णदुर्गनिवासिनं॥
सौराष्ट्रेज्ञानदातारं श्रीरंगार्यपदाश्रितं
॥ १ ॥

શ્રી રંગાચાર્યસ્વામીના ચરણકમળના આશ્રિત, કાઠિઆવાડ દેશમાં જ્ઞાન આપનાર તથા જુનાગઢના નિવાસી આચાર્ય શ્રી કમલનયન સ્વામીને હું નમસ્કાર કરૂં છું. ૧

આલવંદાર સ્તોત્રં.

શ્રી યામુનાચાર્ય સ્વામીને નમઃ

• આ નીચે લખેલ પ્રથમના ત્રણ શ્લોક આલવંદાર સ્તોત્રના નથી, શ્રી રામાનુજસ્વામીનાં કરેલ છે; પરંતુ આલવંદાર સ્તોત્રની પહેલા બોલાય છે માટે તેની પહેલા લખેલ છે.

अनुष्टुप.

स्वादयन्निहसर्वेषां त्रय्यन्तार्थंसुदुर्ग्रहम्॥
स्तोत्रयामासयोगीन्द्र स्तंवन्देयामुनाह्व-
यम् ॥ १ ॥

વેદાંત શાસ્ત્રનો અર્થ જે ઘણી મહેનતથી પણ સમજ-વો કઠણ છે, તે આ જગતમાં બધાને સમજવો અતિ સુલ-ભ થવાને માટે સ્તોત્ર રૂપ (આલવંદાર) કરવાવાળા યોગિ-યોમાં શ્રેષ્ટ શ્રી યામુનાચાર્યસ્વામી તેને હું નમસ્કાર કરૂંછું. ૧

नमोनमोयामुनाय यामुनायनमोनमः॥
नमोनमोयामुनाय यामुनायनमोनमः॥

ઘણા આદરથી વારંવાર શ્રી યામુનાચાર્યસ્વામીને હું નમસ્કાર કરૂંછું. ૨

ટીકા—આ શ્લોકમાં ચારે ચરણોમાં નમસ્કાર કરવાનું કહેલ છે તો તેમ વારંવાર નમસ્કાર કરવાનું કારણ એ છે કે સંસારી જીવોના મોક્ષને અર્થે આ આલવંદાર સ્તોત્રરૂપ શ્રી યામુનાચાર્ય સ્વામીએ કરેલ અતિ ઉપકાર વડે શ્રી રામાનુ-જસ્વામીને શ્રીયામુનાચાર્યસ્વામી ઉપર થયેલ અતિ પ્રેમ-ની વિહ્વલતામાં વારંવાર નમસ્કાર કરેલ છે. બાકી વારં-

વાર નમસ્કારની જરૂર નથી. એક વખત નમસ્કાર કરવો ઘટિત.છે. તે આજ સ્તોત્રમાં શ્રી યામુનાચાર્યસ્વામીએ ननु-प्रपन्नःसकृद्देवनाथ (ઇ. ૬૭ મો શ્લોક) એ શ્લોકમાં સ્પષ્ટ કહેલ છે.

नमोयामुनपादाब्जरेणुभिः पावितात्मने
विदिताखिलवेद्याय गुरवेविदितात्मने॥३

શ્રી યામુનાચાર્ય સ્વામીના ચરણકમલની રજવડે પવીત્ર થઇ ગયું છે અંતઃકરણ જેનું અને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરેલ છે જેણે અને સર્વ પદાર્થનું યથાર્થ જ્ઞાન જેને થયેલ છે એવા જે અમારા ગુરૂશ્રી [મહાપૂર્ણ] સ્વામી તેને હું નમસ્કાર કરૂંછું. ૩.

ટીકા—શરણાગત જીવનું અજ્ઞાન મટાડે તેને ગુરૂ કહે છે. કહ્યું છે કે—

गुशब्दस्त्वंधकारेस्या द्रुशब्दस्तन्निरोधके
अंधकारनिरोधत्वाद् गुरुरित्यभिधीयते. ॥१॥

ગુ એ શબ્દ અંધકારનું નામ છે અને રૂ એ શબ્દ અંધકારને મટાડનાર એટલે નાશ કરનારનું નામ છે. માટે શિષ્યોના અજ્ઞાનરૂપી અંધકારનો જે નાશ કરે તે ગુરૂ કહેવાય. ૧.

હવે અહીંથી આલવંદાર સ્તોત્રનો પ્રારંભ થાય છે તેમાં આ સ્તોત્રની રચના તથા ફેલાવ સાથે સમાપ્તિ થવામાં કોઇ તરેહનું વિઘ્ન ન થાય તેટલા માટે શરૂઆતમાં ત્રણ શ્લોકથી પોતાના ઈષ્ટ ગુરૂ શ્રીનાથમુની સ્વામીને નમસ્કાર કરે છે.

नमोऽचिन्त्याद्भुताक्लिष्ट ज्ञानवैराग्यराशये ॥
नाथायमुनयेऽगाध भगवद्भक्तिसिन्धवे॥

સાધારણ જીવોના વિચારમાં ન આવે, આશ્ચર્યરૂપ અને ક્લેશ રહિત, એવા જે જ્ઞાન તથા વૈરાગ્ય તેના સમુહ અને અતિ ગંભીર જે પરમાત્માની ભક્તિ તેના સમુદ્ર, એવા જે અમારા આચાર્ય શ્રીનાથમુનીસ્વામી તેને નમસ્કાર કરૂંછું. ૪

ટીકા—તત્વ, હિત, અને પુરૂષાર્થ એ ત્રણેનો જે યથાર્થ નિશ્ચય તેને જ્ઞાન કહે છે. જીવ, ઈશ્વર, ને માયા એ ત્રણને તત્વત્રય અથવા તત્વ કહે છે.

મોક્ષનું જે સાધન તેને હિત કહે છે. તે પાંચ છે. ૧ કર્મ, ૨ જ્ઞાન, ૩ ભક્તિ, ૪ પ્રપત્તિ અને ૫ આચાર્યાભિમાન.

મોક્ષના સુખને પુરૂષાર્થ કહે છે, તેના પણ પાંચ પ્રકા-

૨ છે. ૧ ધર્મ, ૨ અર્થ, ૩ કામ, ૪ આત્માનુભવ, ને ૫ ભગવદનુભવ.

આ લોકના તથા સ્વર્ગાદિ લોકના સુખનો ત્યાગ તેને વૈરાગ્ય કહે છે.

પ્રેમપૂર્વક શ્રી પરમાત્માની નિરંતર સ્મૃતિ તેને ભક્તિ કહે છે.

જીવ એ પાંચ પ્રકારના છે. ૧ નિત્ય, ૨ મુક્ત, ૩ બદ્ધ, ૪ કૈવલ્ય, ૫ મુમુક્ષુ.

ઈશ્વરના પણ પાંચ સ્વરૂપ છે. ૧ પર, ૨ વ્યુહ, ૩ વિભવ, ૪ અંતર્યામી, ૫ અર્ચા.

ઉપર કહ્યા પ્રમાણે જીવ, ઈશ્વર, પુરૂષાર્થ, હિત, અને તેના વિરોધી સંબંધી વિસ્તારથી વર્ણન અર્થપંચક નામે સદ્ગ્રંથમાં છે, તેનો સાર પ્રપન્નશિક્ષામૃતમાં છપાવી બહાર પાડયો છે તેથી તથા આ સ્તોત્રનો વિસ્તાર વધી જવાના ભયથી સંક્ષેપમાં ફક્ત જાણવાને માટે નામજ ગણાવેલ છે. વિસ્તારથી જાણવા જેની ઇચ્છા હોય તેણે પ્રપન્ન શિક્ષામૃત મગાવી જોવું.

वसंततिलका.

तस्मै नमो मधुजिदङ्घ्रिसरोजतत्व ।

ज्ञानानुरागमहिमातिशयान्तसीम्ने॥
नाथायनाथमुनयेऽत्रपरत्रचापि ।
नित्यंयदीयचरणौशरणंमदीयम् ॥५॥

મધુ નામના દૈત્યને જીતનાર જે શ્રી પરમાત્મા તેમના ચરણકમળના યથાર્થ જ્ઞાન અને ભક્તિ એ બેઈના સીમાડા રૂપ એટલે ઘણા જ્ઞાની તથા ઘણી ભક્તિવાળા એવા જે શ્રી નાથમુની સ્વામી જેના ચરણકમલ હમેશા આ લોક તથા પરલોકમાં પણ મારા રક્ષક છે, તે શ્રીનાથમુની સ્વામીને હું નમસ્કાર કરૂંછું. ૫.

भूयोनमोऽपरिमिताच्युतभक्तितत्त्व ।
ज्ञानामृताब्धिपरिवाहशुभैर्वचोभिः ॥
लोकेऽवतीर्णपरमार्थसमग्रभक्ति ।
योगायनाथमुनयेयमिनांवराय ॥ ६ ॥

પૂર્ણ અને સદા એકરૂપ રહેવાવાળા જે પરમાત્મા તેની ભક્તિના યથાર્થ જ્ઞાનરૂપી અમૃતનો સમુદ્ર તેના પ્રવાહની પેઠે સુંદર વાંણીવડે આ લોકમાં પરમાર્થરૂપ સાંગોપાંગ ભક્તિયોગ જેણે બતાવેલ છે, તે યોગીઓમાં શ્રેષ્ટ શ્રીનાથમુ-

ની સ્વામી તેને હું ફરીથી નમસ્કાર કરૂંછું. ૬

ટીકા—સારાંશ કે શ્રી યામુનાચાર્ય સ્વામી આ શ્લોકવડે કહે છે કે શ્રીનાથમુની સ્વામીએ જીવોના ઉદ્ધારને માટે ભક્તિ માર્ગ યથાર્થ બતાવેલ છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી શ્રી પરાશરરૂષિને નમસ્કાર કરે છે.

तत्त्वेनयश्चिदचिदीश्वरतत्स्वभाव ।
भोगापवर्गतदुपायगतीरुदारः ॥
संदर्शयन्निरमिमीतपुराणरत्नं ।
तस्मैनमोमुनिवरायपराशराय. ॥७॥

૧ જીવ, ૨ માયા, ૩ ઇશ્વર, ૪ તેના ગુણ, ૫ ભોગ, ૬ મોક્ષ, ૭ તેના ઉપાય, અને ત્યાં જવાના ૮ માર્ગ એ આઠેનો યથાર્થ રીતે ઉપદેશ કરનાર પુરાણોમાં શ્રેષ્ઠ શ્રીવિશ્નુ પુરાણ તેના બનાવવાવાળા મુનીઓમાં શ્રેષ્ઠ ઉદાર શ્રી પરાશરમુની તેને હું નમસ્કાર કરૂંછું. ૭

ટીકા—૧ ચિત્=જીવ. ૨ અચિત્=માયા. ૩ ઇશ્વર=પરમાત્મા શ્રીમન્નારાયણ. ૪ તત્સ્વભાવ તેનો સ્વભાવ એટલે જીવ, માયા ને ઇશ્વર તેનું સ્વરૂપ જેમકે જીવનું સ્વરૂપ.

અતિ સૂક્ષ્મ, અલ્પજ્ઞ, શ્રીમન્નારાયણનો દાસ, ને પરતંત્ર વગેરે છે. માયાનું સ્વરૂપ–પરિણામી (વિકાર પામનાર), જડ, ત્રિગુણમય (રજો, તમોને સત્વ એ ત્રણ ગુણવાળી), અને જ્ઞાનની વિરોધી છે.

ઇશ્વરનું સ્વરૂપ—સર્વવ્યાપિ, સર્વજ્ઞ, સર્વનિયંતા, સર્વરક્ષક, સર્વાંતર્યામિ, જગતકારણ, સત્યકામ, સત્યસંકલ્પ, સ્વતંત્ર વગેરે છે.

૫ ભોગ—આ લોક તથા સ્વર્ગાદિ લોકના સુખનો અનુભવ. જેમકે—સ્ત્રી, પુત્ર, ધન વગેરેથી જે સુખ થાય તે આ લોકનું સુખ. અને અમૃતપાન, અપ્સરાભોગ, કલ્પવૃક્ષની છાંયા વગેરે જે સુખ તે સ્વર્ગનું સુખ.

૬ અપવર્ગ=મોક્ષ. સંસારના દુઃખથી છૂટીને પરમાત્માની જે પ્રાપ્તિ તે.

૭. તદુપાય=મોક્ષનો તથા સ્વર્ગનો ઉપાય. જેમકે—મોક્ષનો ઉપાય–કેવલ પરમાત્મા શ્રીમન્નારાયણની અનન્યભક્તિ છે. (મોક્ષોપાયને માટે અર્થપંચકમાં વિસ્તારથી લખેલ છે.) ને સ્વર્ગનો ઉપાય—પોતપોતાના વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે વર્ત્તવું અને શાસ્ત્રવિહિત કર્મ છે.

૮ ગતિ=માર્ગ. તે બે છે, ૧ સ્વર્ગાદિક લોકનો તેને ધૂ-

ત્રમાર્ગ કહે છે. ૨ મોક્ષનો તેને અર્ચિરાદિ માર્ગ કહેછે. તે બંને માર્ગ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી પોતાના પરમાચાર્ય શ્રી પરાંકુશ (શ્રી શઠકોપ) સ્વામીને નમસ્કાર કરે છે.

मातापितायुवतयस्तनयाविभूति ।
स्सर्वंयदेवनियमेन मदन्वयानाम् ॥
आद्यस्यनःकुलपतेर्बकुलाभिरामम् ।
श्रीमत्तदङ्घ्रियुगलंप्रणमामिमूर्ध्ना॥८॥

અમારા શ્રી વૈશ્નવકુળના પ્રથમ આચાર્ય શ્રી પરાંકુશ સ્વામી તેના બકુલ (બોલછરી)ના ફૂલથી શોભિત જે બે ચરણારવીંદ તે અમારા કુળના મા, બાપ, સ્ત્રી, પુત્ર, ધનને મોટાઈ વગેરે સર્વ છે તે પરાંકુશ સ્વામીને મસ્તક વડે હું પ્રણામ કરૂંછું. ૮

ટીકા—મતલબ કે મા, બાપ, સ્ત્રી, પૂત્ર, ધન ને મોટાઇ વગેરેમાં જેવી જગતની પ્રીતિ છે, તેથી વધારે શ્રી પરાંકુશ સ્વામીના ચરણારવીંદમાં અમારી પ્રીતિ થઇ છે.

હવે અહીંથી આલવંદાર સ્તોત્રનો પ્રારંભ થાય છે.

જેમાં શ્રી યામુચાર્ય સ્વામી પરમાત્મા શ્રીમન્નારાયણની ઘણી કરૂણાજનક પ્રાર્થના કરે છે.

यन्मूर्ध्नि मे श्रुतिशिरस्सु च भाति यस्मिन्।
नस्मन्मनोरथपथः सकलः समेति ॥
स्तोष्यामि नः कुलधनं कुलदैवतं तत्।
पादारविन्दमरविन्दविलोचनस्य ॥९॥

શ્રી કમલનયન ભગવાનના જે ચરણારવીંદ મારા માથા ઉપર તથા વેદાંતમાં પ્રકાશ કરી રહેલાં છે, ને જેથી અમારા બધા મનોરથના રસ્તા ખુલ્લા રહેલ છે તે અમારા કુળના મૂળધન તથા ઈષ્ટદેવરૂપ ચરણારવીંદની હું સ્તૂતિ કરૂંછું. ૯

હવે શ્રી યામુનાચાર્ય સ્વામીનીચાનું સંધાનપૂર્વક ઇશ્વરમહિમા કહેવાને પોતાની અશક્તિ જાહેર કરે છે.

तत्त्वेन यस्य महिमार्णवशीकराणुः।
शक्यो न मातुमपि शर्वपितामहाद्यैः ॥
कर्तुं तदीयमहिमस्तुतिमुद्यताय।
मह्यं नमोऽस्तु कवये निरपत्रपाय ॥१०॥

જે પરમાત્માના મહિમા રૂપી સમૂદ્રના એક બિંદુનો પણ ખરેખરી રીતે મહિમા આટલોજ છે; એમ શીવ બ્રહ્માદિ દેવતાઓ પણ કહી શકતા નથી તે પરમાત્માના મહિમાની સ્તુતિ કરવાને તૈયાર થયો એવો જે હું નિર્લજ્જ કવિ તેને નમસ્કાર છે. ૧૦

ટીકા—મતલબ કે જેનો મહિમાં શંકર બ્રહ્માદિ દેવો પણ નથી કહી શકતાં તેનો મહિમા કહેવા હું ઉભો થયો તે મારી નિર્લજ્જતા બતાવે છે, ને નિર્લજ્જનો નમસ્કાર વિના બીજો ઉપાય નથી માટે મને નમસ્કાર છે એમ કહેલ છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી પરમાત્માની સ્તુતિ કરવામાં સામર્થ્ય માને છે.

यद्वाश्रमावधियथामतिवाप्यशक्तः
स्तौम्येवमेव खलु तेपि सदा स्तुवन्तः ॥
वेदाश्चतुर्मुखमुखाश्च महार्णवान्तः ।
कोमज्जतोरणुकुलाचलयोर्विशेषः॥११॥

બ્રહ્માદિ બધા દેવો, ને સર્વવેદ, પરમાત્માનો બધો મહિમા ખરેખરી રીતે કહી શકતા નથી તોપણ હમેશાં સ્તુતિ કર્યા કરેછે, તો હું પણ મારા બુદ્ધિબળ પ્રમાણે પરમાત્માની

સ્તુતિ કરૂંછું. કેમકે મહાસમુદ્રમાં જ્યારે કુલાચલ (મોટા પર્વત) અને અણુ (નાની કાંકરી) એ બંને ડુબી જાય છે ત્યારે નાના મોટાપણું ક્યાં રહ્યું ? નજ રહ્યું. ૧૧

ટીકા—મતલબકે પરમાત્માના મહિમાનો બ્રહ્માદિ દેવ તથા વેદ પાર નથી પામતા તોપણ બુદ્ધિ પહોંચે ત્યાં સૂધી સ્તુતિ કરે છે તો મારે પણ મારી બુદ્ધિ પહોંચે ત્યાં સુધી સ્તુતિ કરવી યોગ્ય છે.

હવે શ્રી યામુનાચાર્યસ્વામી પોતાનો પરમાત્માની સ્તુતિ કરવામાં અધિકાર કહી બતાવે છે.

किंचैषशक्त्यातिशयेननतेऽनुकम्प्यः।
स्तोतापितुःस्तुतिकृतेनपरिश्रमेण॥
तत्रश्रमस्तुसुलभोममन्दबुद्धे।
रित्युद्यमोयमुचितोममचाब्जनेत्र॥१२॥

હે કમલનયન (પરમાત્મા) ! સ્તુતિ કરવાવાળા (બ્રહ્માદિ દેવો) ની શક્તિ વધારે છે, તેથી તેઓ દયાને પાત્ર છે એમ તો નથી પણ જે સ્તુતિ કરતાં થાકી જાય તે આપની દયાને લાયક છે. માટે અલ્પબુદ્ધિવાળા મને તે મહેનત સુલભ તથા મારા સ્વરૂપને ઘટિત છે. ૧૨

ટીકા—જે સ્તુતિ કરતાં થાકી જાય તે પરમાત્માની કૃપાને લાયક થાય છે તો બ્રહ્માદિ દેવો. ઘણા કાળ સૂધી જીવનારાવાળા અને સ્તુતિ કરવામાં તેઓની બુદ્ધિ અતિ સમર્થ છે માટે તેઓ ઘણા કાળે આપના કૃપાપાત્ર થશે, ને હું તો થોડી બુદ્ધિવાળો તથા થોડા આયુશવાળો છું તેથી જલદિ થાકી જઇશ જેથી આપ મારા ઉપર જલદી કૃપા કરશો માટે મારે આપની સ્તુતિ કરવી ઘટિત છે.

હવે પરમાત્મા બધા જગતની સહેજે રક્ષા કરવાવાળા છે તો પોતાના દાસની રક્ષા કરવી તેમાં આશ્ચર્ય નથી તે કહે છે.—

नावेक्षसे यदि ततो भुवनान्यमूनि ।
नालं प्रभो भवितुमेव कुतः प्रवृत्तिः ॥
एवं निसर्गसुहृदि त्वयि सर्वजन्तोः ।
स्वामिन्न चित्रमिदमाश्रितवत्सलत्वम् ॥

હે પ્રભો! જો આપ આલોકની ઉપર કૃપા દૃષ્ટિ નહિ કરો તો આલોકનું થવું દુર્લભ છે તો [શુભાશુભ કર્મમાં] વ્યવહાર તો ક્યાંથીજ થાય, માટે હે સ્વામીન ! આપ બધા જીવોના નિર્હેતુક બંધુ છો તો આપના ભક્ત ઉપર વત્સલતા

કરવી એ આપને વિશે નવાઈ નથી. ૧૩

ટીકા—પોતાના ભક્તના દોશ ન જુએ અને કૃપાદૃષ્ટિથી ભક્તની રક્ષા કરે તેને ભક્તવત્સલ કહે છે.

હવે શ્રી પરમાત્માના મહિમાથી સર્વ દેવાદિ ઉત્પન્ન થયેલા છે તો શ્રી પરમાત્માની ઐશ્વર્યતા કોણ નહિ માને તે કહે છે.—

स्वाभाविकानवधिकातिशयेशितृत्वं ।
ना ायणत्वयिनमृष्यतिवैदिकःकः ॥
ब्रह्माशिवःशतमखःपरम स्वराडि ।
त्येतेऽपियस्यमहिमार्णवविप्रूषस्ते॥ १४॥

હે નારાયણ! સ્વાભાવિક, અનવધિ અને અનતિશય જે આપનું ઐશ્વર્ય તે વેદ જાણનાર કોણ કબુલ નહિં કરે? [સર્વે કબુલ કરશે.] કેમકે બ્રહ્મા, શિવ, ઈંદ્ર, નિત્ય ને મુક્ત જીવ એ બધા આપના મોટા મહિમારૂપી સમુદ્રના બિંદુ બરાબર છે. ૧૪.

ટીકા—સ્વભાવિક જે ગુણ જેનો હોય તે તેનામાંજ રહે તે તેનો સ્વાભાવિક ગુણ કહેવાય છે. જેમ ઉષ્ણતા એ અગ્નિનો સ્વાભાવિક ગુણ છે.

અનવધિ—જેનો પાર નહીં તે.

અનતિશય—જેની ઉપર બીજો કોઇ નહિ તે.

હવે શ્રી પરમાત્માના અત્યંત મહિમાનું વર્ણન કરેછે.

कः श्रीः श्रियः परमसत्त्वसमाश्रयः कः।
कः पुण्डरीकनयनः पुरुषोत्तमः कः॥
कस्यायुतायुतशतैककलांशकांशे।
विश्वं विचित्रचिदचित्प्रविभागवृत्तम्॥

શ્રી લક્ષ્મિજીને શોભાવવાવાળા કોણ? શુદ્ધ સત્વગુણના આધાર કોણ? કમળના જેવા નેત્રવાળા કોણ? પુરૂષોમાં ઉત્તમ પુરૂષ કોણ? અને કોના સો કરોડમાંથી એકસો તેમાંથી એક ભાગ તેનો એક ખંડ અને તેના પણ એક ભાગમાં આ વિચિત્ર વિશ્વ સ્થાવર જંગમ વિભાગવાળું રહેલ છે? મતલબ કે એ પાંચે પ્રશ્નનો જવાબ એકજ એટલે શ્રી પરમાત્મા છે. ૧૫.

ટીકા—શ્રી પરમાત્મા નારાયણ લક્ષ્મિજીને શોભા આપનાર છે. કેમકે સ્ત્રી ને તેનો પુરૂષ તેજ શોભા છે. શુદ્ધ સત્વગુણ શ્રી પરમાત્માનો છે તે જાહેર કરવાને વાસ્તે આજ પર્યંત -હૃદયમાં ભૃગુલતા ધારણ કરેલ છે. કમલ જેવા નેત્ર શ્રી

પરમાત્માના છે તેથી કમલનયન કહેવાય છે. બધા પુરૂષો-માં ઉત્તમ પુરૂષ શ્રી પરમાત્મા છે. તેથી તે પુરૂષોત્તમ કહે-વાય છે. અને શ્રી પરમાત્મા થકીજ આ સર્વ જગત ઉત્પન્ન થાય છે. એવી રીતે શ્રી પરમાત્માના અદ્ભુત મહિમાનું વર્ણન વેદાદિ શાસ્ત્ર કરે છે.

હવે બ્રહ્માદિ સર્વ દેવો કરતાં શ્રી પરમાત્માની મોટાઇ-નું વર્ણન કરે છે.

वेदापहारगुरुपातकदैत्यपीडा ।
द्यापदिमोचनमहिष्ठफलप्रदानैः ॥
कोन्यःप्रजाःपशुपतिःपरिपातिकस्य ।
पादोदकेनसशिवःस्वशिरोधृतेन ॥१६॥

હે ભગવન ! વેદનું હરણ, બ્રહ્માના માથાનું છેદન, ને વૃકાસુરાદિક દૈત્યથી થતી પીડા વગેરે બ્રહ્મા તથા શંકરની નાના પ્રકારની આપત્તિ મટાડી જીવદાન રૂપ મોટું ફળ આ-પી પ્રજાની આપ વિના બીજો કોણ રક્ષા કરે ? [મતલબ કે આપજ કરો.] વળી કોના ચરણારવીંદના જળને પોતાનાં માથા ઉપર ધારણ કરીને શંકર પણ અમંગલ સ્વરૂપ છ-તાં મંગલ સ્વરૂપ થયેલ છે! (મતલબ કે આપનાજ ચરણા-રવીંદના જળથી.) ૧૬.

ટીકા—બ્રહ્માને ઉત્પન્ન કરી શ્રી નારાયણે વેદ આપ્યા તે તેની પાસેથી હયશીર્ષા નામે એક દૈત્ય લઇ ગયો, ત્યારે શ્રી નારાયણે હયગ્રીવનો અવતાર લઇને તે હયશીર્ષા દૈત્યને મારી તેની પાસેથી વેદ પાછા લાવી ફરી બ્રહ્માને દીધા ને તેની રક્ષા કરી. આ વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે.

બ્રહ્માને સરસ્વતી નામે એક પુત્રી થઈ તે સરસ્વતિનું અતિ સ્વરૂપ જોઈ બ્રહ્મા ચલાયમાન થઇગયા તે વખતે શંકરે તે જોઇ બ્રહ્માનું માથું કાપી નાખ્યું ત્યારે શંકરને ગુરૂ મારવાની બ્રહ્મહત્યા લાગી તે હત્યાનું નિવારણ પણ શ્રી પરમાત્માએ કરી શંકરની રક્ષા કરી તે વાત પણ પૂરાણોમાં પ્રસિદ્ધ છે.

એક વૃકાસુર નામે દૈત્યે શંકરને પ્રસન્ન કરવાને મોટા તપ કર્યાં ત્યારે શંકર તેની પર પ્રસન્ન થયા ને તેના માગવા પ્રમાણે વરદાન આપ્યું કે જેના માથા ઉપર હાથ મૂકે તે ભસ્મ થઈ જાય. તે વખતે વૃકાસુરનું મન પાર્વત્તી ઉપર ચલાયમાન થયું તેથી શંકર ઉપરજ હાથ મૂકી તેને ભસ્મ કરવાને તે તેની પાછળ દોડયો ત્યારે શંકર બ્રહ્માદિ સર્વ દેવ પાસે ફરી આવ્યા પણ કોઇએ વૃકાસુરથી તેમની રક્ષા કરી નહીં ત્યારે શંકર અતિ દુઃખી થયા તે વખતે શ્રી

પરમાત્માએ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી રસ્તામાં શંકરની પછવાડે વૃકાસુર જતો હતો તેને કહ્યું કે હે. વૃકાસુર ! ક્યાં જાયછે? ત્યારે વૃકાસુરે સર્વે વાત્ત કહી બતાવી એટલે ભગવાને કહ્યું અરે ભાઈ તું સમજુ થઈને ધંતુરા, ભાંગ વગેરે કેફી પદાર્થ પીવાવાળાની વાત ખરી માને છે? એમ કહી માયામાં નાંખી કહ્યું જો તું સાચી માનતો હો તો તારા માથા ઉપર હાથ દઇ જોને જરા ગરમ લાગે કે તુરત લઈ લેજે એટલું કહેતાંજ માયાવશ થઇ વૃકાસુરે પોતાના માથા ઉપર હાથ મૂક્યો કે તુરત તે ભસ્મ થઇ ગયો, ને તેથી તે વૃકાસુરનું નામ ભસ્માસુર પડ્યું. આ વાત પણ પૂરાણોમાં પ્રસિદ્ધ છે.

શ્રી પરમાત્માના ત્રિવિક્રમાવતારમાં ચરણાર્વીંદ સત્યલોકમાં બ્રહ્માએ ધોયા તે જળ શંકરે પોતાના માથા ઉપર ધારણ કર્યું ત્યારથી શીવ એટલે મંગળરૂપ થઇ ગયા એ વાત પણ પ્રસિદ્ધ છે.

હવે શ્રી પરમાત્માજ બધા જગતની ઉત્પત્તિ, પાલન ને સંહાર કરે છે તે કહે છે—

कस्योदरेह विरिञ्चिमुखःप्रपञ्चः।

कोरक्षतीममजनिष्ट चकस्यनाभेः ।
क्रान्त्वानिगीर्यपुनरुद्गिरतित्वदन्यः ।
कःकेनचैषप वानितिशक्यशंकः ॥१७॥

હે ભગવંન! શંકર ને બ્રહ્માછે મુખી જેમાં એવું જે આ બધું જગત તે કોના ઉદરમાં રહે છે? (આપના ઉદરમાંજ રહે છે.] અને આ પ્રપંચની રક્ષા કોણ કરે છે? (આપજ કરો છો.) અને કોની નાભીથી આ પ્રપંચ પેદા થયેલ છે? [આપની નાભીથી પેદા થયેલ છે.] અને આ બધા પ્રપંચને ખેંચીને પોતાના ઉદરમાં રાખે વળી ફરીથી બહાર પ્રગટ કરે એવા આપ વિના બીજો કોણ છે? [કોઇ નથી આપજ છો.] માટે હે ભગવન! આપનું આવડું મોટું સામર્થ્ય છે તો આપ વિના બીજો કોઇ આ પ્રપંચનો માલિક છે એવી શંકા કરવાનો કોઇને સંભવ છે? (નથી જ.) ૧૭

ટીકા—મતલબ કે બ્રહ્માંડની ઉત્પત્તિ, પાલન અને લય એ ત્રણે શ્રી પરમાત્માજ કરે છે. પ્રપંચ=જગત્

હવે સુશીલાદિ બધા કલ્યાણ ગુણવાળા ભગવાન છે

તો તેની તમો ગુણવાળા પુરૂષો કેમ સેવા કરતા નથી તેનું કારણ કહે છે—

त्वां शीलरूपचरितैःपरमप्रकृष्ट ।
सत्त्वेनसात्त्विकतयाप्रबलैश्चशास्त्रैः॥
प्रख्यातदैवपरमार्थविदांमतैश्च ।
नैवासुरप्रकृतयःप्रभवन्तिबोद्धुम्॥१८

હે ભગવન! શીલ. રૂપ, ચરિત્ર, ને અતિ શ્રેષ્ઠ શુધ્ધ સત્વગુણ એ ચાર તથા સાત્વિકશાસ્ત્રમાં પ્રસિદ્ધ જે દૈવ પરમાર્થને જાણવાવાળા રૂષિઓનો સિદ્ધાંત [વિશિષ્ટા દ્વૈતસિદ્ધાંત] એ પાંચે વડે કરીને અનંત કલ્યાણ ગુણવાળા આપને જગતનું કારણ જણાવવાને સમર્થ છે તોપણ અસુરી (રજોતમોગુણી) જીવને યથાર્થ જ્ઞાન થતું નથી તેથી તેઓ આપની શેવા કરતા નથી. ૧૮

ટીકા—૧ શીલ=નાના મોટા સર્વની સાથે અત્યંત હળીમળી રહેવાનો ગુણ તે.

૨. રૂપ=દિવ્યમંગળ વિગ્રહ એટલે જેને જોવાથી બીજી ચીજ ઉપર ક્યારેય પણ મન જાય નહિ એવું દિવ્ય સ્વરૂપ તે.

૩. ચરિત=અતિ માનુષલીલા. જેમકે બાળક થઇ ગોવર્ધન પર્વતને એક નાની (ટચલી) આંગળી ઉપર ઉપાડવો વગેરે.

૪. પરમ પ્રકૃષ્ટ સત્વ=અતિ શ્રેષ્ઠ શુદ્ધ સત્વગુણ. કેમકે ભૃગુરૂષિ ત્રણે (બ્રહ્મા, વિશ્નુ ને મહેશ) દેવોમાં મોટા કોણ તેની પરીક્ષા કરવા ગયા ત્યારે ભગવાન (વિશ્નુ) ની છાતીમાં પાટુ મારી તે વખતે ક્રોધ ન કરતાં ઉલટી ભગવાને પગમાં વાગવા માટે માફી માગી તે વખતથી શુદ્ધ સત્વગુણ વિશેષ પ્રસિદ્ધ થયો.

એ ચારે ગુણ ભગવાનને જણાવનારા કારણો છે. વળી પાંચમુ રજોગુણ તથા તમોગુણના શાસ્ત્રોથી ઉત્તમ જે સત્વગુણના શાસ્ત્ર વેદાંત, વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભાગવત, વાલ્મિકિ રામાયણ વગેરેમાં જે દૈવ પરમાર્થને જાણવાવાળા પરાશરાદિ રૂષિઓનો (વિશિષ્ઠાદ્વૈત) સિદ્ધાંત તે પણ ભગવાનને જણાવનાર કારણ છે.

શાસ્ત્રો ત્રણ પ્રકારના છે. ૧ સાત્વિકિ. ૨ રાજસિ. ને ૩ તામસિ. તેને માટે કહ્યું છે કે—

सात्विकामोक्षदाःप्रोक्ता राजसाःस्वर्गदाशुभाः।

तथैवतामसादेवि निरयप्राप्तिहेतवः ॥१॥

શ્રી શંકર ઉમીઆજીને કહે છે કે હે દેવિ! સત્વગુણી શાસ્ત્ર મોક્ષ આપે છે, રજોગુણી સ્વર્ગ આપે છે અને તમોગુણી શાસ્ત્ર નરક આપે છે. ૧ માટે મુમુક્ષુ અને વિવેકી પુરૂષોએ બીજા દેવોનો ત્યાગ કરીને સાત્વિક દેવ શ્રી પરમાત્મા નારાયણનીજ ભક્તિ કરવી.

સાત્વિક સ્મૃતિ વિશે કહ્યું છે કે—–

वासिष्ठंचैवहारीतं व्यासंपाराशरंतथा ।

भारद्वाजंकाश्यपञ्च सात्विकामोक्षदाशुभाः॥२॥

વસિષ્ઠસ્મૃતિ, હારીત સ્મૃતિ, વ્યાસસ્મૃતિ, પરાશરસ્મૃતિ, ભરદ્વાજસ્મૃતિ અને કાશ્યપસ્મૃતિ એ છ રૂડી મોક્ષને દેવાવાળી સ્મૃતિઓ સાત્વિક છે.

૨. સાત્વિક પુરાણ વિશે પણ કહ્યું છે કે–

वैष्णवंनारदीयञ्च तथाभागवतंशुभम् ।

गारूडंचतथापाद्मं वाराहंशुभदर्शने ॥

सात्विकानिपुराणानि सात्विकानिस्मृतानिमे॥३॥

શ્રી વિષ્ણુપુરાણ, નારદપુરાણ, ભાગવતપુરાણ, ગરૂડ

પુરાણ, પદ્મપુરાણ, અને વરાહ પુરાણ એ છએ પુરાણ સાત્વિક છે. ૩.

હવે પરમ એકાંતિ અનન્ય ભગવદ્ ભક્ત શ્રી પરમાત્માના મહિમાને જાણે છે તે કહે છે.—

उल्लङ्घितत्रिविधसीमसमातिशायि।
संभावनंतवपरिव्राढिमस्वभावम् ॥
मायाबलेनभवतापिनिगुह्यमानं।
पश्यन्तिकेचिदनिशंत्वदनन्यभावाः १९

હે નારાયણ! આપનો પ્રભુત્વનો સ્વભાવ એટલે મહિમા ત્રણે સિમા, સમતા, તથા અતિશય થકી પાર છે; અને તે આપની માયાના બળે ઢંકાએલ છે તોપણ કેટલાક આપના અનન્ય ભાવિક (મહાત્મા પુરૂષો) આપના અતિ મહિમાને તેઓ નિરંતર દેખે છે. ૧૯.

ટીકા—મતલબ કે જેમ પરમાત્માનું સ્વરૂપ સર્વ દેશમાં, સર્વ કાળમાં તથા સર્વ વસ્તૂમાં વ્યાપ્ત છે અને તેની બરોબર તથા અધિક કોઇ નથી તેમ પરમાત્માના મહિમાનું સ્વરૂપ છે. એટલે જેવી રીતે પરમાત્માનું ઐશ્વર્ય છે તેવીજ રી-

તે તેમનો મહિમા છે. જો કે તે મહિમા પરમાત્માએ પોતા-ની માયાએ કરીને ગુઢ (ઢંકાએલ દેખાય નહીં તેમ) રાખેલ છે તોપણ અનન્ય ભગવદ્દભક્ત જાણે છે.

ત્રિવિધ સીમ=ત્રણ પ્રકારની સીમા એટલે સર્વ દેશ, સર્વ કાળ અને સર્વ વસ્તૂમાં પરમાત્માનો મહિમા ભરપૂર છે. માટે ત્રણે સીમાથી પાર કહેવાય છે.

સમતા=પરમાત્માના મહિમા બરોબર બીજા કોઇનો મહિમા નથી માટે સમતાથી પાર કહેવાય છે.

અતિશય=પરમાત્માના મહિમાથી અધિક બીજા કોઇ-નો મહિમા નથી માટે અતિશયથી પણ પાર કહેવાય છે.

અનન્ય ભાવિક=શ્રી પરમાત્મા વિના જેને કોઇ દેવ, કોઈ મંત્ર અને કોઇ સાધન નથી તે.

હવે બધા પદાર્થના શ્રી પરમાત્માજ નિયંતા છે તે કહે છે.—

वंशस्थ.

यदण्डमण्डान्तरगोचरंचय ।
द्दशोत्तराण्यावरणानियानिच ॥

गुणाःप्रधानंपुरुषःपरंपदं ।
परात्परंब्रह्मचतेविभूतयः ॥ २० ॥

હે ભગવાન ! આ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડની માંહે રહેલા જે બધા પદાર્થ તથા બ્રહ્માંડથી પણ દસ દસ ગણાથી વધારે બ્રહ્માંડને લાગેલ અષ્ટ આવરણ, તથા સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ અને પ્રકૃતિ (અવિદ્યા), જીવ, વૈકુંઠ અને સર્વથી અધિક આપનો દિવ્ય મંગળ વિગ્રહ તે સર્વ આપની વિભૂતિ એટલે આપનું સામર્થ્ય છે. ૨૦.

ટીકા—મતલબ કે એ સર્વને આપ નિયમમાં રાખવાવાળા છો. અંડ=બ્રહ્માંડ. અંડાંતરગોચર=બ્રહ્માંડને વિશે રહેવાવાળા સ્થાવર જંગમ જીવ, પદાર્થ વગેરે. અષ્ટ આવરણ=બ્રહ્માંડને ઢાંકનાર આઠ આવરણ તેના નામ, ૧ પૃથ્વી, ૨ જળ, ૩ તેજ, ૪ વાયુ, ૫ આકાશ, ૬ અહંકાર, ૭ મહાન, [મહતત્વ] અને ૮ અવ્યક્ત [માયા.] એ આઠ આવરણની વાત ભાગવતાદિ સત્શાસ્ત્રમાં તથા અર્ચિરાદિમાર્ગમાં પ્રસિદ્ધ છે. ગુણાઃ=ગુણો તે ત્રણ છે. રજ, તમ, સત્વ.

પ્રધાન=માયા તેને વિશે કહ્યું છે કે—

प्रधानंप्रकृतिःशक्ति र्नित्याचाविकृतिस्तथा ।

एतानितस्य नामानि पुरुषंयासमाश्रिता ॥१॥

જે માયા પુરૂષ (પરમાત્મા) નો આશ્રય કરીને સારી રીતે રહેલી છે તેના પ્રધાન, પ્રકૃતિ, શક્તિ, નિત્યા, અને અવિકૃતિ એ નામ છે. વળી તેનેજ અવિદ્યા, માયા, તમઃ, અજ્ઞાન, અક્ષર, ને અવ્યક્ત તથા ત્રિગુણા પણ કહે છે.

પુરૂષઃ=જીવ. તે અસંખ્ય છે. પરંપદ=વૈકુંઠ. એને ત્રિપાદવિભૂતિ અથવા નિત્યવિભૂતિ પણ કહે છે. પરાત્પર બ્રહ્મ=પંચમહાભૂતથકી પર જે જીવાત્મા ને તેથી પણ પર જે ઈશ્વર પરમાત્મા તેને બ્રહ્મ પણ કહેછે. વિભૂતિ=સામર્થ્ય. તે બે જાતની વિભૂતિ કહેવાય છે. ૧ લીલાવિભૂતિ=ક્રીડાર્થે થોડી મુદત રહેવાવાળી. ને ૨. નિત્યવિભૂતિ=સદાય કાયમ રહેવાવાળી. તેમાં તેના વિસ્તાર વિશે કહ્યું છે કે લીલાવિભૂતિ જે આ કરોડો બ્રહ્માંડ તે એક ભાગમાં છે ને નિત્ય વિભૂતિ ત્રણ ભાગમાં છે તેથી તેને ત્રિપાદ વિભૂતિ પણ કહે છે.

હવે પરમાત્મા અનંતકલ્યાણ ગુણના સમુદ્ર છે તે કહે છે.—

वशीवदान्योगुणवान्ऋजुःशुचि ।

मृदुर्दयालुर्मधुरस्थिरः समः ॥
कृतीकृतज्ञस्त्वमसि स्वभावतः ।
समस्तकल्याणगुणामृतोदधिः ॥२१॥

હે ભગવાન! આપ સ્વભાવથીજ વશી, વદાન્ય, ગુણવાન, ઋજુ, શુચિ, મૃદુ, દયાલુ, મધુર, સ્થિર, સમ, કૃતી, ને કૃતજ્ઞ એ બધા કલ્યાણ ગુણરૂપી અમૃતના સમુદ્રરૂપ છો. ૨૧.

ટીકા—વશી=વશ રાખનાર એટલે બધા સ્થાવર જંગમ પદાર્થને પોતાને આધિન રાખનાર. વદાન્ય=દાન દેવામાં શૂરવીર એટલે પોતાના ભક્તોને માગ્યાથી પણ વિશેષ વાંછિત ફળ દેવાવાળા. ગુણવાન=ગુણવાળા એટલે પોતાના આશ્રિતજનને આધિન રહેવાના ગુણને ધારણ કરવાવાળા. ઋજુ=પાંસરા. એટલે અત્યંત સરલ સ્વભાવવાળા. શુચિ=પવિત્ર અથવા ઘણા શુદ્ધ. મૃદુ=કોમળ. એટલે ઘણા કોમળ દિવ્યમંગળ સ્વરૂપને ધારણ કરવાવાળા. અથવા કોમળ સ્વભાવ વાળા.

દયાળુ=દયાવાળા. એટલે પોતાના ભક્તના દુઃખને નહિ દેખી શકવાથી તેમનાપર દયા કરવાવાળા. મધુર=મીઠા

એટલે મીઠા સ્વભાવવાળા, અથવા આપના ભક્તને ઘણા પ્રિય. સ્થિર=અચળ એટલે સ્થિર સ્વભાવવાળા. અથવા સદા એક રૂપ રહેવાવાળા. સમ=સરખું. એટલે પોતાના આશ્રિતજનોની ઉપર સરખી રીતે કૃપાદૃષ્ટિ વગેરે રાખવાવાળા. કૃતી=કરનાર. એટલે સર્વ કામ કરવામાં કુશળ. કૃતજ્ઞ=કરેલ જાણનાર. એટલે પોતાના દાસની કરેલ પ્રાર્થના, સેવા વગેરે જાણનાર.

હવે વેદ પણ શ્રી પરમાત્માના ગુણોના અંતને પહોંચતા નથી તે કહે છે.—

उपर्युपर्यब्जभुवोपिपूरुषान् ।
प्रकल्प्यतेयेशतमित्यनुक्रमात् ॥
गिरस्त्वदेकैकगुणावधीप्सया ।
सदास्थितानोद्यमतोतिशेरते ॥२२॥

હે ભગવાન! વેદવાણી જે છે તે પણ આપના એક એક ગુણના અંતને (પાર લેવાને) ઇચ્છે છે ને બ્રહ્માથી પણ ઉપર ઉપર પુરૂષોની કલ્પના કરે છે તોપણ આપના ગુણોમાંથી એક ગુણના છેડાને જાણી શકતી નથી. ૨૨.

ટીકા—મતલબ કે આપના ગુણોનો અંત નથી તોપણ

તે આપના ભક્ત આપની દયાથી સારી રીતે જાણે છે.

હવે શ્રી પરમાત્માએ પોતાના દાસોને આપેલ સામર્થ્ય વિષે કહે છે.—

त्वदाश्रितानांजगदुद्भवस्थिति ।
प्रणाशसंसारविमोचनादयः ॥
भवन्तिलीलाविधयश्चवैदिका ।
स्त्वदीयगम्भीरमनोनुसारिणः ॥२३॥

હે ભગવાન! આપના આશ્રિતને તો જગતની ઉત્પત્તિ, સ્થિતિ, ને નાશ તથા સંસારથી જીવોનું છૂટવું [મોક્ષ] વગેરે કરવું તે લીલા [રમત] છે. અને વેદના વિધાન તે આપના દાસના ગંભીર મનને અનુસારજ છે. ૨૩.

ટીકા—મતલબ કે પરમાત્માએ પોતાના દાસોને એટલું બધું સામર્થ્ય આપ્યું છે કે—જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય, અને મોક્ષ વગેરે કરવું તે રમતજ છે. અને આપના દાસના મનથી જે થાય તે બધાકામ વેદ વિહિતજ છે. આશ્રિત=આશ્રય કરીને રહેલા. એટલે ભક્ત. ઉદ્‌ભવ=પેદા થવું એટલે ઉત્પત્તિ. સ્થિતિ=સ્થિર રાખવું એટલે પાલન કરવું. પ્રણાશ=નાશ અથવા લય. વિમોચન=છૂટા થવું.

હવે શ્રી યામુનાચાર્યસ્વામી શ્રી ભગવત્‌ને નમસ્કાર કરે છે—

नमोनमोवाङ्मनसातिभूमये ।
नमोनमोवाङ्मनसैकभूमये ॥
नमोनमोनन्तमहाविभूतये ।
नमोनमोऽनन्तदयैकसिन्धवे ॥२४॥

હે ભગવન! સાધારણ માણસોની વાણીને મને કરી જાણ્યામાં ન આવે એવા, અને આપના દાસની વાણીને મનના મુખ્ય સ્થાન, અનંત મહા ઐશ્વર્યના ભંડાર અને અનંત દયાના સમુદ્રરૂપ આપને વારંવાર નમસ્કાર કરૂંછું.૨૪

ટીકા—ભગવદ્ ગુણાનુવાદમાં વિહ્વળ થઈ વારંવાર નમસ્કાર કરેલા છે.

મહાવિભૂતયે=મોટા ઐશ્વર્યવાળા, એટલે જેનો મહિમા સર્વ દેશ, સર્વકાળ, ને સર્વ વસ્તુમાં ભરપૂર છે એવા. અનંત=છેડા વિનાના, જેનો પાર ન આવે એવા અપાર.

હવે કર્મ, જ્ઞાન ને ભક્તિ કરવામાં અસમર્થપણું બતાવી કેવળ શરણાગતિ કરવાનું કહે છે.

उपेंद्रवज्रा.

नधर्मनिष्ठोस्मिनचात्मवेदी ।
नभक्तिमांस्त्वच्चरणारविन्दे ॥
अकिंचनोऽनन्यगतिःशरण्य ।
त्वत्पादमूलंशरणंप्रपद्ये ॥२५॥

હે શરણ્ય! મારી ધર્મમાં નિષ્ઠા નથી, તથા મારે આત્માનું જ્ઞાન પણ નથી, તથા આપના ચરણારવીંદમાં મારી ભક્તિ પણ નથી પણ બધા ઉપાયોથી રહિત, આપ વિના બીજો કોઇ ઉપાય નથી એવો જે હું તે આપના ચરણારવીંદના શરણમાં આવ્યોછું. ૨૫

ટીકા—મતલબ કે આપના ચરણારવીંદ તેજ મારો ઉપાય છે. અકિંચન=કર્મ, જ્ઞાન ને ભક્તિ વગેરે ઉપાયોથી રહિત કેવળ ઇશ્વરાધિન રહેનાર. અનન્ય ગતિ=પરમાત્મા શ્રીમન્નારાયણ સિવાય બીજો કોઇ રક્ષક નથી એવો દૃઢ નિશ્ચય કરી રહેનાર, અનન્યગતિ તથા અકિંચન વિષે પ્રપન્ન પરિત્રાણમાં વિસ્તારથી લખેલ છે માટે વિસ્તાર થવાના ભયથી સંક્ષેપમાં અર્થ કહ્યો છે.

હવે હું ઘણો પાપીછું ને મારી ગતિ બીજી કોઇ જગોએ નથી વાસ્તે આપની પાસે પોકાર કરૂંછું તે કહેછે.

नानिन्दितंकर्मतदस्तिलोके ।
सहस्रशोयन्नमयाव्यधायि ॥
सोहंविपाकावसरेमुकुन्द ।
क्रन्दामिसंप्रत्यगतिस्तवाग्रे ॥२६॥

હે મુકંદ! (મુક્તિ દાતા) આ લોકમાં જે જે નિંદિત કર્મ છે તે મેં નથી કર્યાં એમ નહીં પણ હજારો વખત કરેલ છે એવો મહાપાપી જે હું તે પાપના ફળ ભોગવવાના વખતમાં હાલ આપ સિવાય બીજા સાધાન સિવાયનો છું વાસ્તે આપની પાસે પોકાર કરૂંછું. ૨૬

ટીકા—મતલબ કે આપ દયાળુ છો ને હું મહાપાપી પણ અકિંચનછું માટે હવે તમે મારી રક્ષા કરો.

મારી રક્ષા કરવાનું શું કારણ તે કહે છે—

निमज्जतोनंतभवार्णवान्त ।
श्चिरायमेकूलमिवासिलब्धः॥

त्वं ।।पिलब्धंभगवान्निदानी ।
मनुत्तमंपात्रमिदंदयायाः ॥ २७ ॥

હે ભગવાન ! અપાર ભવ સાગરની માંહે બૂડતો એવો જે હું તેને ઘણે લાંબે કાળે કિનારા રૂપ આપ મળ્યા છો અને આપને પણ કૃપા કરવા લાયક અતિ ઉત્તમ પાત્ર હું મળેલ છું વાસ્તે હવે મારાપર આપ દયા કરો. ૨૭

ટીકા—મતલબ કે આપની દયાને પાત્ર હું જેવો મહા પાપી કોઇ નહી મળે માટે મારાપર દયા કરો.

હવે આપના આશ્રિતને દુઃખ થવું તે આપને ઘટિત નથી તે વિશે કહે છે—

अभूतपूर्वंममभाविकिंवा ।
सर्वंसहेमेसहजांहिदुःखम् ॥
किंतुत्वदग्रेशरणागतानां ।
पराभवोनाथनतेनुरूपः ॥ २८ ॥

હે નાથ ! પ્રથમ નહીં થયેલ દુઃખ શું હવે મને થશે? (ના નહીંજ થાય પણ અનાદિ કાળથી જે દુઃખ થતું આવે છે તેજ થશે.) તે દુઃખ તો હું સહન કરીશ. કેમકે તેવું દુઃ

ખ તો સદા ભોગવતોજ આવેલછું તો મને તો તે સહેજ થ-ઇ ગયેલ છે. પરંતુ આપની પાસે આપના દાસને દુઃખ થવું તે આપને ઘટારત નથી. ૫૮.

ટીકા—મતલબ કે આપ આપના (સર્વ રક્ષકાદિ) સ્વરૂપ તરફ જોઇ મારી રક્ષા કરો.

. હવે ભગવાન કદાપિ પોતાના દાસનો તિરસ્કાર કરે તો પણ હું તો તેમના ચરણારવીંદનો ત્યાગ નહીં કરૂં તે કહે છે.—

વંશસ્થ.

निरासकस्यापिनतावदुत्सहे ।
महेशहातुंतवपादपङ्कजम् ॥
रुषानिरस्तोपिशिशुःस्तनंधयो ।
नजातुमातुश्चरणौजिहासति ॥२१॥

હે મહેશ! (પરમાત્મા) જેમ કેવળ માતાના સ્તનનું દુ-ધ પાન કરી જીવવાવાળા બાળકને તેની માતા ક્રોધ કરીને તેનો ત્યાગ કરે તોપણ તે બાળક પોતાની માના ચરણનો ત્યાગ કરતો નથી તેમ હું (આપ મારા મા બાપ રૂપ છો તો)

આપ કદાપિ મારો તિરસ્કાર કરશો તોપણ આપના ચરણારવીંદનો ત્યાગ કરીશ નહીં. ૨૯.

ટીકા—મતલબ કે જેમ બાળક પોતાનું હીત પોતાની માનેજ ગણી તે ગમે તેમ ક્રોધ કરી તિરસ્કાર કરે છે તોય પણ બાળક તેની પાસેજ જાય છે. તેમ મારા હિતકર આપજ છો માટે તમો તિરસ્કાર કરશો તોય પણ હું તો આપને છોડનાર નથી. માટે મારાપર દયા કરો.

હવે પરમાત્માના ભક્ત, પરમાત્માનાં ચરણકમળ સિવાય બીજા કોઇની ઈચ્છા કરતા નથી તે કહે છે—

तवामृतस्यन्दिनिपादपङ्कजे ।
निवेशितात्माकथमन्यदिच्छति॥
स्थितेरविन्देमकरन्दनिर्भरे ।
मधुव्रतोनेक्षुरकंहिवीक्षते ॥ ३०॥

હે ભગવન ! જેમ ભમરો સુગંધે કરીને ભરપૂર એવું જે કમળનું પુષ્પ તે મળ્યા પછી દારૂડીના પુષ્પની ઈચ્છા કરતોજ નથી તેમ મોક્ષ રૂપ અમૃત રહેલ છે જેમાં એવા જે આપના ચરણારવીંદ તેમાં જેણે પોતાનું મન જોડી દીધેલ છે તે પુરૂષ બીજી વસ્તૂની કેમં ઈચ્છા કરશે ? ૩૦

ટીકા—મતલબ કે ભમરાને જેમ કમળના પુષ્પ મળ્યા પછી બીજા ફૂલમાં પ્રીતિ રહેતી નથી તેમ ભગવદ્દભક્તને ભગવાનના ચરણારવીંદ સિવાય બીજે પ્રીતિ હોતીજ નથી.

હવે પરમાત્માને હાથ જોડયાનું મહાત્મ કહે છે—

त्वदंघ्रि द्विरयः कदापिकेनचि ।
द्यथातथावापिसकृतकृतोअलिः ॥
तदैवमुष्णात्यशुभान्यशेषतः ।
शुभानिपुष्णातिनजातुहीयते ॥३१॥

હે ભગવન! આપના ચરણારવીંદમાં કોઇ વખત કોઈ પણ જીવ કોઇ પણ રીતે જેમ તેમ એકવાર હાથ જોડે તો તે જીવના તેજ વખતે બધા પાપ છૂટી જાય છે, અને ઘણું પુન્ય થાય છે; અને તેની કોઇ દિવસ હાની થતી નથી. ૩૧.

હવે ભગવાનના ચરણારવીંદની લેશ ભક્તિથી પણ સંસાર દુઃખથી છુટી પરમ સુખ મળે છે તે કહે છે—

उदीर्णसंसारदवाशुशुक्षणिं ।
क्षणेननिर्वाप्यपरांचनिर्वृतिम् ॥
प्रयच्छतित्वच्चरणारुणाम्बुज ।

द्वयानुरागामृतसिन्धुशीकरः ॥३२॥

હે ભગવન! આપના રાતા કમળના જેવાં જે ચરણા-રવીંદમાં જે (પ્રેમ લક્ષણારૂપ) પ્રીતિ થવી તે ભક્તિ રૂપી અ-મૃતના સમુદ્રનાં છાંટા બરાબર છે અને તે આ જબરજસ્ત સંસારરૂપી વડવાગ્નિ તેને ક્ષણ માત્રમાં શાંત કરી પરમ સુ-ખ જે મોક્ષ તેને દેનાર છે. ૩૨.

હવે પોતાના ધનરૂપ જે ભગવાનના ચરણારવીંદ તે ક્યા-રે દેખીશ તે વિશે કહે છે—

विलासविक्रान्तपरावरालयं ।
नमस्यदार्तिक्षपणेकृतक्षणम् ॥
धनंमदीयंतवपादपङ्कजं ।
कदानुसाक्षात्करवाणिचक्षुषा ॥३३॥

હે ભગવન! લીલા (રમત) માત્રે કરીને બ્રહ્મા તથા રૂ-દ્રાદિ દેવોના લોક આધીન કરી લીધા છે, અને પોતાના દાસના દુઃખ મટાડવાને તત્પર, તથા મારા મૂળ ધન રૂપ જે આપના ચરણારવીંદ તેને હું ક્યારે આંખે કરીને દે-ખીશ. ૩૩.

ટીકા—મતલબ કે ભગવાનના ચરણારવીંદ ક્યારે જોઇશ તે માટે અફસોસ કરેલ છે.

હવે પરમાત્મા પોતાના ચરણારવીંદથી મારા માથાને ક્યારે ધરેણારૂપ કરી શોભાવશે તે વિશે કહે છે—

कदापुनः शंखरथांगकल्पक ।
ध्वजारविन्दांकुशवज्रलांछनम् ॥
त्रिविक्रमत्वच्चरणाम्बुजद्वयं ।
मदीयमूर्द्धानमलंकरिष्यति ॥३४॥

હે ત્રિવિક્રમ ! શંખ, ચક્ર, કલ્પવૃક્ષ, ધજા, કમળ. અંકુશ (કુતંણું), વજ્ર ઇત્યાદિ જેમાં ચિન્હો છે એવા આપના બેઇ ચરણારવીંદ તે ક્યારે મારા માથાના ધરેણા રૂપ કરશો. ૩૪.

ટીકા—મતલબ કે એવા ચિન્હોવાળાં આપના ચરણારવીંદ મારા માથાપર ક્યારે સ્પર્શ કરશે.

હવે અહીથી પંદર શ્લોકથી ભગવાનનું વર્ણન કરેછે—

विराजमानोज्ज्वलपीतवाससं ।
स्मितातसीसूनसमामलच्छविम् ॥

निमग्ननाभितनुमध्यमुन्नसं ।
विशालवक्षःस्थलशोभिलक्षणम् ॥३५॥

અહીંથી ભગવાનના સ્વરૂપનું વર્ણન શરૂ થઇ પંદર શ્લોકે પૂરૂં થાય છે તેમાં વચ્ચે ક્યાંઇ ક્રિયાપદ આવતું નથીં છેવટ પંદર શ્લોક પૂરા થયે ક્રિયાપદ આવે છે સંસ્કૃતમાં આવી રીતે જ્યાં બને છે તેને કુલક કહે છે.

હે ભગવન ! આપ અત્યંત પ્રકાશમાન નિર્મલ પીતાંબરને ધારણ કરવાવાળા, પ્રફૂલ્લિત અલસીના ફૂલની જેવી નિર્મળ (ધનસ્યામ) કાંતીવાળા, ગંભીર (ઉંડી) નાભીને સૂક્ષ્મ મધ્ય ભાગ [પાતળી કડ] વાળા, તથા ઉંચી, વિશાલને શ્રી વત્સ ચિન્હથી શોભિત છાતીવાળા;—

चकासतंज्याकिणकर्कशैःशुभै ।
श्चतुर्भिराजानुविलम्बिभिर्भुजैः ॥
प्रियावतंसोत्पलकर्णभूषण ।
श्लथालकाबन्धविमर्दशंसिभिः ॥३६॥

લક્ષ્મીજીના મસ્તકના ભૂષણ રૂપ કમળ, તથા કાનના ભૂષણ રૂપ લાંબી જે કેશની હાર અને નીવી બંધન એ બ-

ધાને વિહારના સમયમાં સંઘર્ષણ કરવાવાળા તથા ધનુષની દોરીથી થયેલી માંસની ગ્રંથી પડેલા કઠણતાવાળા ગોઠણ સુધી લાંબા અતિ સુંદર ચાર હાથથી શોભાયમાન.—

उदग्रपीनांसविलम्बिकुण्डला ।
लकावलीबन्धूरकम्बुकन्धरम् ॥
मुखश्रियान्यकृतपूर्णनिर्मला ।
मृतांशुबिम्बाम्बुरुहोज्ज्वलश्रियम् ॥३७॥

ઉંચાને પુષ્ટ ખભા તેના ઉપર લટકતાં જે મકરાકૃત કુંડલ અને કેશની હારવડે શોભીત ઉંચીને શંખની બરોબર સુંદર ડોકવાળા અને આપના મુખ કમળની કાંતીવડે નિર્મળ પૂર્ણીમાના ચંદ્ર તથા કમળની ઉજવલ શોભાને તીરસ્કાર કરવાવાળા.

प्रबुद्धमुग्धाम्बुजचारुलोचनं ।
सविभ्रमभ्रूलतमुज्ज्वलाधरम् ॥
शुचिस्मितंकोमलगण्डमुन्नसं ।
ललाटपर्य्यन्तविलम्बितालकम् ॥३८॥

પ્રફૂલ્લિત ને અતિ સુંદર કમળના જેવા મનોહરનેત્રવાળા ને લીલાએ સહીત ભમરવાળા, પ્રકાશમાન (પાકાં ઘોલાનાં ફળ જેવા રાતા) હોઠવાળા, પવિત્ર મંદહાસવાળા, કોમળ ગાલવાળા ઉંચી (પોપટની અથવા તલના પુષ્પના જેવી) નાસિકાવાળા, અને લમણા સુધી વાંકા વાળ જેને લટકી રહેલા છે એવા ને મોટા કપાળવાળા.

स्फुरत्किरीटाङ्गदहारकण्ठका ।
मणीन्द्रकाञ्चीगुणनूपुरादिभिः ॥
रथाङ्गशङ्खासिगदाधनुर्वरै ।
र्लसतुलस्यावनमालयोज्ज्वलम् ॥३९॥

પ્રકાશમાન મુગટ, બાજુબંધ, મોતીનીમાળા, ને કટિમેખલાવાળા તથા વિજળીના જેવી અતિ તેજસ્વી જનોઈ અને નૂપુર (ઘુઘરા) વગેરે ઘરેણાવાળા, અને (સુદર્શન) ચક્ર, (પાંચજન્ય) શંખ, (નંદક) તરવાર, (કૌમોદકી) ગદા, ને શ્રેષ્ટ (સારિંગ) ધનુષ, તુલસીની માલા તથા (વૈજયંતી) વનમાલાને ધારણ કરવાથી શોભવાવાળા. ૩૯.

चकर्षयस्याभुवनंभुजान्तरं

तवप्रियंधामयदीयजन्मभूः॥
जगत्समग्रंयदपाङ्गसंश्रयं।
यदर्थमम्भोधिरमन्थ्यबान्धिच ॥४०॥

હે ભગવન ! આપનું વક્ષસ્થલ તે શ્રી લક્ષ્મીજીનું રહેવાનું સ્થાનક છે, ને લક્ષ્મીજીના જન્મ સ્થાન જે ક્ષીર સમુદ્ર તે આપને રહેવાનું અતી પ્રીયસ્થાન છે. અને જે લક્ષ્મીજીની કૃપા કટાક્ષની સહાય સર્વ જગત કરે છે. તથા જે લક્ષ્મીજીને વાસ્તે આપે મહા સમુદ્રનું મંથન કર્યું તથા તેનાપર સેતુ બાંધ્યો એવી જે લક્ષ્મી તે સહીત વિરાજમાન એવા. ૪૦

ટીકા—સમુદ્ર મંથન દેવ તથા દાનવોએ કરેલ તેમાંથી ચૌદ રત્નો નીકળેલ હતાં તે વિશે પુરાણમાં નીચે પ્રમાણે વાત છે. એ ચૌદે રત્નનાં નામ.

૧. લક્ષ્મી. ૨. કૌસ્તુભમણી. ૩. પારી જાતક નામનું ફૂલનું ઝાડ. ૪. સુરા (એક જાતનો દારૂ). ૫ ધનવંતરી વૈદ્ય. ૬. ચંદ્રમા. ૭ કામદુધા ગાય. ૮ ઐરાવત હાથી. ૯. રંભા અપ્સરા. ૧૦ સાત મુખો ઘોડો, ૧૧. અમૃત. ૧૨ સારિંગનામનું ધનુષ્ય. ૧૩. પાંચજન્ય નામનો શંખ. ૧૪. હળાહળ વીશ.

એ ચૌદે રત્નોની વહેંચણ કરતાં શ્રી વિશ્નુ ભગવાને શ્રી લક્ષ્મીજી, કૌસ્તુભમણી, પાંચ જન્ય શંખ અને સારિંગ ધનુષ્ય પોતે રાખ્યા. અને પારિજાતક, કામદુધા, રંભા, ઐરાવત, તથા અમૃત એ ઇંદ્રને આપ્યા. ને સપ્ત મુખો ઘોડો સૂર્યને તથા ચંદ્ર તથા હળાહળ વીષ મહાદેવને આપ્યા. ધનવંતરી સ્વર્ગના વૈદ્ય થઇને રહ્યા ને સુરા દૈત્ય (દાનવ) ને આપી.

એ રત્નોથી વિશ્નુ ભગવાનનાં લક્ષ્મી પતિ, કૌસ્તુ ભાભરણ, પાંચજન્યેશ, સારિંગ પાણી વગેરે નામ પડયાં અને શંકરનાં ચંદ્રમૌલીને નીલકંઠ નામ પડયું.

स्ववैश्वरूपेणसदानुभूतया ।
प्यपूर्ववद्विस्मयमादधानया ॥
गुणेनरूपेणविलासचेष्टितैः ।
सदातवैवोचितयातवश्रिया ॥४१॥

આપે આપના સમગ્ર સ્વરૂપથી લક્ષ્મીજીનો અનુભવ કરેલો છે, તોપણ પૂર્વે ન હોય એવા આશ્ચર્યને કરાવવાવાળી તથા દયા, ક્ષાંતિને વાત્સલ્ય વગેરે સદ્ગુણ, ને અત્યંત સું-

દર દિવ્ય મંગલ વિગ્રહ [અતિ સ્વરૂપવાન] અને લીલા પૂર્વક ચેષ્ટાથી સદા આપનેજ ઘટિત એવાં જે આપની પત્ની લક્ષ્મીજી. ૪૧.

तयासहासीनमनन्तभोगिनि ।
प्रकृष्टविज्ञानबलैकधामनि ॥
फणामणिव्रातमयूखमण्डल ।
प्रकाशमानोदरदिव्यधामनि ॥४२॥

ફણાની ઉપર રહેલ જે મણીઓનો સમુહ તેની કીરણોના સમુદાયથી પ્રકાશમાન જે ઉદર ઉપરનો ભાગ તે જેણે અલૌકીક ધર કરેલ છે. તથા અતિ ઉત્તમજ્ઞાન અને બળનું મુખ્ય સ્થાન જે શેષજી તે રૂપી સિંહાસનપર તે લક્ષ્મીજી સહિત બિરાજમાન એવા. ૪૨.

ટીકા.—મતલબ કે શ્રી શેશષાઇ ઉપર લક્ષ્મીજી સહીત સદા રહેવાવાળા એવા.

निवासशय्यासनपादुकांशुको ।
पधानवर्षातपवारणादिभिः ॥
शरीरभेदैस्तवशेषतांगतै ।

यथोचितंशेषइतीर्यतेजनैः ॥४३॥

ઘર, શય્યા, સિંહાસન, પાદુકા [ખડા], પીતાંબર, ગાદી તકીઆ, છત્ર વગેરે અનેક સ્વરૂપ લઇને જેમ ઘટે તેમ આપની સેવાને પામ્યા તેથી વિદ્વાન લોકો શેષ એ નામથી કહે છે. તે શેષજીના પલંગપર બિરાજમાન એવા. ૪૩.

ટીકા—મતલબ કે સર્વ પ્રકારની સેવા કરનારને શેષ કહે છે.

इंद्रवंशा·

दासःसखावाहनमासनध्वजो ।
यस्तेवितानंव्यजनंत्रयीमयः ॥
उपास्थितंतेन पुरोगरुत्मता ।
त्वदंघ्रिसंमर्दकिणांकशोभिना ॥४४॥

ઋગ્વેદ, યજુર્વેદ, ને શામવેદની મૂર્તિરૂપ જે ગરૂડજી તે આપના દાસ, મિત્ર, વાહન, સિંહાસન, ધજા, ઉલેચ [ચંદની], પંખો એ સર્વ રૂપ લઇને સેવા કરે છે; તેમજ તે ગરૂડજીની ઉપર આપની સ્વારી થવાથી આપના ચરણનાં ઘસાવા વડે થયેલ જે વ્રણ તે રૂપી ચિન્હથી શોભા પા-

ઓને આપની પાસે સદા હાજર રહે છે. ૪૪.

ટીકા—મતલબ કે શ્રી ગરૂડજી પણ સર્વ પ્રકારે જેની સેવા કરે છે એવા.

वंशस्थ.

त्वदीयभुक्तोज्झितशेषभोजिना ।
त्वया निसृष्टात्मभरेण यद्यथा ॥
प्रियेण सेनापतिना निवेदितं ।
तथानुजानन्तमुदारवीक्षणैः ॥४५॥

આપે આપનો કારભાર જેને આપેલ છે ને આપના ભોજન કરવાથી બાકી રહેલ જે શેષ પ્રસાદ તેને ભોગવવાવાળા જે વિશ્વસેન સ્વામી તે આપના સ્નેહી, જે વખતે જે જે વાત આપને જાહેર કરે છે તે વખતે તે તે વાત આપ આપની ઉદાર દૃષ્ટિથી મંજુર કરનારા એવા. ૪૫.

ટીકા—મતલબ કે વિશ્વક સેન સ્વામી આપના પ્રિય સેનાપતિ છે તેના આપેલા મતને મંજુર કરવાવાળા એવા—

हताखिलक्लेशमलैःस्वभावतः ।

सदानुकूल्यैकरसैस्तवोचितैः ।
गृहीततत्तत्परिचारसाधनैः ।
निषेव्यमाणं सचिवैर्यथोचितम् ॥४६॥

જેના સર્વ દુઃખના મળ સ્વભાવથી નાશ પામેલા છે, ને સદા આપની અનુકુળતાના રસના ભોગી તથા આપને યોગ્ય વખતો વખતની સેવાના સાધન ભૂત છત્ર, ચામરને પંખા વગેરેને ગૃહણ કરવાવાળા જે પ્રધાન વર્ગ [પારશદ] તેઓનાથી યથા ઘટિત સેવાએલા એવા. ૪૬.

ટીકા—મતલબ કે નિત્ય સૂરી [પારસદો] સદાય જેની સેવા કર્યા કરે છે એવા.

अपूर्वनानारसभावनिर्भर ।
प्रबुद्धया मुग्धविदग्धलीलया ॥
क्षणाणुवत्क्षिप्तपरादिकालया ।
प्रहर्षयन्तं महिषीं महाभुजम् ॥४॥

નિરંતર નવીન અનેક સૃંગારાદિક રસની પરિપૂર્ણતાથી પ્રફુલ્લિત રહેવાવાળી, બ્રહ્માદિકનો પરાર્ધરૂપ [ઘણો મો-

ટો] કાળ તેને ક્ષણ કાળની પેઠે વીતાવવાવાળી અને સુંદર તથા નિપુણ લીલાવાળી એવી જે આપની પટરાણી લક્ષ્મીજી તેને આનંદ આપવા વાળા તથાં મહા ભુજવાળા એવા. ૪૭.

अचिन्त्यदिव्याद्भुतनित्ययौवनं ।
स्वभावलावण्यमयामृतोदधिम् ॥
श्रियः श्रियं भक्तजनैकजीवितं ।
समर्थमापत्सखमर्थिकल्पकम् ॥४८॥

સાધારણ જીવોને ધ્યાનમાં ન આવે અને જેની અતિ સુંદર, આશ્ચર્ય કરનાર હમેશાં એકરૂપ રહેવાવાળી યોવનાવસ્થા તથા સ્વભાવથીજ અતિ મનોહર ને સૌંદર્યના સમુદ્રરૂપ લક્ષ્મીજીની શોભા, ભક્ત જનોને જીવનરૂપ, સમર્થ, આપત્તી કાળમાં બંધુની તુલ્ય, યાચક [માંગનાર] ને કલ્પ વૃક્ષ તુલ્ય એવા. ૪૮.

? वन्तमेवानुचरन्निरन्तरं ।
प्रशान्तनिःशेषमनोरथान्तरः ॥
कदाहमैकान्तिकनित्यकिंकरः ।

प्रहर्षयिष्यामिसनाथजीवितम् ॥४९॥

હે ભગવન! ઉપર લખેલ પંદર શ્લોકથી વર્ણન કરેલ છે એવા જે આપ તેની સદાય કાળ સેવ કરનારો અને જેના મનોરથની સર્વ વાસનાઓ વિરામ પમી છે તથા હમેશાં એકાંતીક શેવક એવો જે હું તે મારા જીવવાને સનાથ કરી ક્યારે સંતોષ પામીશ. ૪૯.

ટીકા—મતલબ કે ઉપર પંદર શ્લોકથી વર્ણન કરેલા શ્રી નારાયણ પરમાત્માની નીરંતર એકાંતીક શેવા કરી ક્યારે હર્ષ પામીશ.'

આ છેલ્લા શ્લોકમાં ઉપરના પંદરે શ્લોકની ક્રિયા છૂટે છે એટલે કુલક થઇ રહે છે. તેથી તે દરેક પંદરે શ્લોક સાથે આ છેલ્લા શ્લોકનો સંબંધ રહે છે તે એવી રીતે કે પંદરમાનો દરેક શ્લોક પૂરો થઇ રહે—હમેશાં એકાંતીક શેવક એવો જે હું તે મારા જીવવાને સનાથ કરી ક્યારે સંતોષ પામીશ. એ પ્રમાણે કહી પંદરે શ્લોકની ક્રિયા પૂરી કરવી.

હવે શ્રી યામુનાચાર્યે સ્વામી બ્રહ્માદિ દેવોને પણ ધ્યાન કરવામાં ન આવે એવી શેવાની ચાહના કરી, માટે પોતે પોતાને ધિક્કારે છે—

मालिनी.

धिगशुचिमविनीतं निर्दयं मामलज्जं ।
परमपुरुष योऽहं योगिवर्याग्रगण्यैः ॥
विधिशिवसनकाद्यैर्ध्यातुमत्यन्तदूरं ।
तव परिजनभावं कामये कामवृत्तः ॥ ५० ॥

હે પુરૂષોત્તમ ! યોગીઓમાં મુખ્ય ગણવા લાયક જે બ્રહ્મા, શીવ ને સનકાદિ દેવ તેમને ધ્યાન કરવામાં પણ અત્યંત દૂર [મુશ્કેલ] એવી જે આપની શેવા તે હું અપવિત્ર, વિનય વિનાનો, દયાથી હીન (પાપ) ને નિર્લજ છતાં મારા મનને વશ થઇ ઇચ્છું છું માટે મને ધિક્કાર છે. ૫૦.

ટીકા—મતલબ કે બ્રહ્માદિ દેવોને પણ દુર્લભ એવી આપની શેવા હું અધમ થઇ ચાહું છું માટે મને ધિક્કાર છે એમ કહી નીચાનુ સંધાન કરેલ છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી ભગવાન પ્રત્યે પોતાની અનન્ય ગતિ કહે છે—

वैतालिय.

अपराधसहस्रभाजनं ।

पतितं भीमभवार्णवोदरे ॥
अगतिं शरणागतं हरे ।
कृपया केवलमात्मसात्कुरु ॥५१॥

હે હરે! હજારો અપરાધનો પાત્રરૂપ, ને ભયંકર જે સંસારરૂપ સમુદ્ર તેના મધ્યમાં પડેલો પણ [આપ સિવાય] બીજા ઉપાયોથી રહીત તથા આપનો શરણાગત જે હું તેને કેવળ દયાથી આપનો દાસ કરો. ૫૧.

ટીકા—મતલબ કે ઉપાય અને ઉપેય બંને શ્રી પરમાત્માનેજ કહ્યા.

ઉપાય—જે સાધનથી કાર્યસિદ્ધિ [આ ઠેકાણે ભગવદ્ પ્રાપ્તિ] થાય તે.

ઉપેય—પ્રાપ્તિ, મળવું. જેમ ઉદ્યમ વડે દ્રવ્ય મળે છે. એમાં ઉદ્યમ એ ઉપાય અને દ્રવ્ય એ ઉપેય છે. પણ આ શ્લોકમાં તો બંનેને એકજ એટલે ભગવાનને મેળવવાનો ઉપાય પણ ભગવાનનેજ કહેલ છે. તાત્પર્ય કે જ્યારે ભગવાનની કેવળ નિરહેતુક કટાક્ષ દાસ [જીવ] ઉપર થાય છે ત્યારેજ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી સન્માર્ગેથી પતિત એવો

જે હું એમ કહી પોતા તરફ ભગવાનને દૃષ્ટી કરવા કહેછે—

अविवेकघनान्धदिङ्मुखे।
बहुधासंततदुःखवर्षिणि॥
भगवन्भवदुर्दिनेपथ।
स्खलितंमामवलोकयाच्युत ॥५२॥

હે અચ્યુત! જેને વિશે અવિવેક [અજ્ઞાન] રૂપી મેઘે કરીને દિશાઓ અંધ થયેલ [ઢંકાએલ] છે તથા અનેક પ્રકારના નિરંતર દુઃખની વૃષ્ટિવાળો જે સંસારરૂપી કઠીન રસ્તો તેમાં સન્માર્ગથી [ભ્રષ્ટ થઇ] પડેલો જે હું તેની આપ સિવાય બીજી ગતિ નથી માટે મારા તરફ કૃપા કરી અવલોકન કરો [જુઓ.] ૫૨.

ટીકા—મતલબ કે સંસારમાં દુઃખી થતો જે હું તેને અજ્ઞાન રૂપી અંધારાને લીધે સન્માર્ગ દેખાવામાં આવતો નથી. તેથી તમારા શરણમાં આવેલ છું, માટે મારા તરફ કૃપાદૃષ્ટી કરી સન્માર્ગે ચડાવી સુખી કરો.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી પોતા જેવો દયાને પાત્ર બીજો નહીં મળે તે વિષે કહેછે—

न॰षापर॰ार्थमेवमे ।
शृणुविज्ञापनमेकमग्रतः ॥
यदिमेनदयिष्यसेततो ।
द॰नीयस्तवनाथदुर्लभः ॥५३॥

હે નાથ! હું ખોટું નથી કહેતો, યથાર્થ (સત્ય) કહું છું; કે મારી પ્રાર્થના પ્રથમ સાંભળો. તે એક અત્યંત દીન ને અનન્ય ગતિવાળો જે હું તેના ઉપર દયા નહિ કરો તો તમોને દયા કરવા લાયક હું જેવો દીન મળવો દુર્લભ છે. ૫૩

ટીકા—દયાળુનો પરમધર્મ છે કે દીનપર દયા કરવી. તો આપ પરમ દયાળુ છો ને હું અતિ દીન છું તો આપની દયાને પાત્ર હું જેવો બીજો નહીં મળે માટે અવશ્ય મારાપર દયા કરો.

હવે મારી રક્ષા જરૂર કરવી પડશે તે કહે છે.

तदहंत्व॰तेननाथवान् ।
मदृतेत्वंदयनीयवान्नच ॥
विधिनिर्॰तमेत॰न्वयं ।

भगवन्पालयमास्मजीहपः ॥५४॥

હે ભગવન ! આપને મારા વિના બીજો કોઇ દયા કરવા લાયક નથી, તેમજ મારો આપ વિના બીજો કોઇ રક્ષક નથી; એ પ્રકારનો જે સ્વામી શેવકભાવ એટલે આપનો ને મારો સંબંધ બ્રહ્માના અંતર્યામી આપે રચેલ છે તે આપને ચલાવવો પડશે, માટે સંબંધનો ત્યાગ ન કરવો જોઇએ. ૫૪,

ટીકા—તમે મારા સ્વામી ને હું તમારો દાસ [શેવક] એવો અનાદિકાળનો સંબંધ છે. તો દાસની સ્વામીએ રક્ષા કરવીજ જોઇએ એવો ધર્મ છે. માટે તે ધર્મનો ત્યાગ ન કરતાં મારી રક્ષા કરો.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી ભગવાનને પોતાનો આત્મા અર્પણ કરે છે.—

वपुरादिषुयोपिकोपिवा ।
गुणतोऽसानियथातथाविधः ॥
तदहंतवपादपद्मयो ।
रहमद्यैवमयासमर्पितः ॥५५॥

હે સ્વામિન્ ! મારો દેહ, ઇંદ્રીઓ, મન, પ્રાણ, બુદ્ધિ એ સમુદાયમાં રહેલા જે કોઇ પણ ગુણ (સત્વ' રજ ને તમ) અથવા જેવો છું તેવો હું આજથી આપના ચરણાર્વીંદમાં મારો આત્મા અર્પણ કરૂં છું. ૫૫.

હવે સર્વ વસ્તુ ભગવાનનીજ છે માટે શું અર્પણ કરૂં તે વિષે કહે છે—

મમનાથયદસ્તિયોસ્મ્યહં ।
સકલંતદ્ધિતવૈવમાધવ ।
નિયતઃસ્વમિતિપ્રબુદ્ધધી ॥
રથવાકિંનુસમર્પયામિતે ॥૫૬॥

હે નાથ ! મારી જે વસ્તુ છે તે તથા હું છું તે સર્વ આપનુંજ છે. અથવા હે માધવ ! (લક્ષ્મીપતે !) આપ સર્વ જગતના સ્વામી છો તેને શું અર્પણ કરૂં. સર્વ આપનુંજ છે માટે આપને અર્પણ કરવા લાયક કાંઇ પણ નથી. ૫૬.

ટીકા—મતલબ કે અવિનાશી દ્રવ્ય રૂપ આપજ છો તો તમોને શું અર્પણ કરૂં. વળી જગતની સર્વ વસ્તૂ પણ આપનીજ છે માટે કાંઇપણ અર્પણ કરવા યોગ્ય નથી.

હવે ભગવાનની પાસે ભક્તિ માગે છે,-ને તે મળવા પ્રાર્થના કરેછે.

अवबोधितवानिमांयथा ।
मयिनित्यांभवदीयतांस्वयम् ॥
कृपयैवमनन्यभोग्यतां ।
भगवन्भक्तिमपिप्रयच्छमे ॥५७॥

હે ભગવન્! જે રીતે આપે મારામાં સનાતન આપની આધિનતા આપેલ છે. અને તેનું જ્ઞાન [જે જીવ ઇશ્વરને અર્થેજ છે] પણ દીધેલ છે; તેજ રીતે મારાપર કૃપા કરીને આપની અનન્ય ભક્તિ મને આવો, ૫૭.

ટીકા-ભગવન્=એમાં ભગનો અર્થ છ, એટલે છ ઐશ્વર્ય અથવા છ ગુણ; અને વત્નો અર્થ વાળો થાય છે. તેથી છ ઐશ્વર્યવાળા અથવા છ ગુણવાળા એવો અર્થ થાય છે. એટલા માટે ભગવાનને ષડ્ગુણસંપન્ન અથવા ષડૈશ્વર્યસંપન્ન વગેરે કહે છે. તેને માટે કહ્યું છે કે—

ऐश्वर्यस्यसमग्रस्यवीर्यस्ययशसःश्रीयः ।
ज्ञानवैराग्ययोश्चैवषण्णांभगइतींगना ॥१॥

૧ સંપૂર્ણ ઐશ્વર્ય ૨ વીર્ય ૩ યશ ૪ શ્રી ૫ જ્ઞાન ૬ વૈરાગ્ય એ છએ જેના વિષે હોય તેને ભગ એ પ્રમાણે કહે છે. ૭૧ અથવા.

उत्पत्तिंप्रलयंचैवभूतानामागतिंगति ।
वेत्तिविद्यामविद्यांचसवाच्योभगवानिति ॥२॥

૧ ઉત્પત્તિ, ૨ પ્રલય, ૩ પ્રાણીના અંતર્યામિરૂપ; ૪ પ્રાણીના મોક્ષરૂપ, ૫ વિદ્યા જાણનાર, અને ૬ અવિદ્યા (માયા) જાણનાર એ રીતે છ ગુણ જેમાં હોય તેને ભગવાન એ પ્રમાણે કહે છે. અથવા

ज्ञानशक्तिबलैश्वर्य्य
वीर्यतेजांस्यशेषतः
भगवच्छब्दवाच्यानि
विनाहेयैर्गुणादिभिः ॥१॥

ત્યાગ કરવા યોગ્ય એવા જે કામ ક્રોધાદિ ગુણ તે વિના સમગ્ર જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય અને તેજ આ છ ગુણો ભગવત્ શબ્દ વાચક છે. એટલે આ છ ગુણ જેમાં હોય તેને ભગવાન કહે છે.

સનાતન=નિત્ય અનાદિકાળનો. અનન્ય=બીજાને લાયક

નહીં એવી એકાંતિક. ભક્તિ=એ નવ પ્રકારની છે. તે વિષે કહ્યું છે કે—

श्रवणंकीर्त्तनंविष्णोःस्मरणंपादसेवनम् ।
अर्चनंवंदनंदास्यंसख्यमात्मनिवेदनम् ॥३॥

૧ શ્રવણ [ભગવદ ગુણ સાંભળવા.] ૨ કીર્તન (ભગવાનના ગુણ કહેવા) ૩ સ્મરણ (ભગવાનના નામ યાદ કરવા) ૪ પાદ સેવન [પગ ચાંપવા] ૫ અર્ચન [પૂજા]. ૬ વંદન (નમસ્કાર કરવા) ૭ દાસ્ય (દાસ પણું) ૮ સખ્ય (મિત્રપણું) ૯ આત્મનિવેદન[પોતાનો આત્મા અર્પણ કરવો.] એટલે જેમ ગાયો, ઘોડા વગેરે વેચ્યા પછી તેના ભરણ પોષણની પીડા વેચનારને રહેતી નથી તેમ પોતાનો આત્મા ભગવાનને અર્પણ કર્યા પછી તેની ચિંતા રહેતી નથી. એ રીતે નવ પ્રકારની ભક્તિછે. કોણે કોણે કેવા પ્રકારની ભક્તિ કરી છે તે વિષે કહ્યું છે કે—

श्रीविष्णोःश्रवणेपरीक्षिदभवद्वैयासकिःकीर्त्तने ॥
प्रह्लादःस्मरणेंघ्रिपद्मभजनेलक्ष्मीःपृथुःपूजने ॥
अक्रूरस्त्वभिवंदनेकपिपतिर्दास्येचसख्येर्जुनः ॥

सर्वस्वात्मसमर्पणेबलिरभूत्कैवल्यमेतेविदुः ॥४॥

૧ શ્રવણ ભક્તિ—વિષ્ણુ ભગવાનની શ્રવણ ભક્તિ કરવામાં મુખ્ય પરીક્ષત થયા.

૨ કિર્ત્તન ભક્તિ—ભગવાનના ગુણ ગાવામાં મુખ્ય શુંકદેવજી થયાં.

૩ સ્મરણ ભક્તિ—ભગવાનનું સ્મરણ કરવામાં મુખ્ય પ્રે-હ્લાદજી થયા.

૪ પાદસેવન ભક્તિ—ભગવાનના ચરણાર્વિંદની શેવા કરમાં મુખ્ય લક્ષ્મીજી છે.

૫ અર્ચન ભક્તિ—ભગવાનની પૂજા કરવામાં મુખ્ય પ્રથુરાજા (વેણુના પુત્ર) થયા.

૬ વંદન ભક્તિ—ભગવાનની પ્રાર્થના કરવામાં મુખ્ય અક્રૂરજી થયા.

૭ દાસ્ય ભક્તિ—ભગવાનની દાસપણાની ભક્તિ કરવામાં મુખ્ય હનુમાનજી થયા.

૮ સખ્ય ભક્તિ—ભગવાનની મિત્રતાની ભક્તિ કરવામાં મુખ્ય અર્જુન થયા.

૯ આત્મસમર્પણ ભક્તિ—પર (બ્રહ્માદિ) થકી પર (પરમાત્મા શ્રીમન્નારાણ) ને સર્વઆત્મા વગેરે અર્પણ કર-

યોમાં મુખ્ય બલીરાજા થયા. ૪.

હવે ભગવદ્ ભક્તોના સહવાસથી બ્રહ્માદિ સહવાસ તુ-ચ્છછે તે વિષે કહે છે.—

तवदास्यसुखैकसङ्गिनां ।
भवनेष्वस्त्वपिकीटजन्ममे ॥
इतरावसथेषुमास्ममभू ।
दपिमेजन्मचतुर्मुखात्मना ॥५८॥

હે નાથ ! આપના કૈંકર્ય સુખના સાથી જે આપના દાસ તેના ઘરમાં મારો કીડાનો જન્મ હોય તોપણ ઠીક; પણ આપના દાસ શ્રી વૈશ્નવો (ભાગવતો) થી બીજાના ઘર બ્રહ્મા, ઇંદ્રાદિ રૂપથી મારો જન્મ ન હોય તે હું ઠીક માનું છું. ૫૮.

ટીકા—કૈંકર્ય=શેવા. ચતુર્મુખ=બ્રહ્મા. મતલબ કે આપની ભક્તિ વિનાના ઘરને વિષે મારો જન્મ તે ઠીક નહીં. અને ભક્તિવાળા હોય તેમાં ભલે નીચ જન્મ મળે તે ઉત્તમ છે.

હવે પરમ ભાગવતો (શ્રી વૈષ્ણવો) ની પણ પોતા ઉપર દૃષ્ટી કરાવવા કહે છે—

वंशस्थ.

सकृत्त्वदाकारविलोकनाशया ।
तृणीकृतानुत्तमभुक्तिमुक्तिभिः ॥
महात्मभिर्मामवलोक्यतांनय ।
क्षणेऽपितेयद्विरहोतिदुःसहः ॥५१॥

હે ગોવીંદ ? જે શ્રી વૈષ્ણવોનો વિયોગ ક્ષણ માત્ર પણ આપ સહન કરી શકતા નથી; અને જેમણે એકવાર આપના દિવ્ય મંગલ વિગ્રહ દેખવાની ઇચ્છાથી મોટા મોટા સુખના ભોગ તથા મોક્ષને પણ તૃણની બરોબર કરેલા છે; એવા શ્રી વૈષ્ણવો મારા તરફ કૃપા દૃષ્ટિથી જુએ એમ આપ અનુગ્રહ કરો. ૫૯.

હવે ભગવાનની સેવા વિમુખ કોઇ પણ હોય તો તે નહિં ચાહવા કહે છે.—

शीखरणी.

नदेहंनप्राणान्नचसुखमशेषाभिलषितं ।
नचात्मानंनान्यत्किमपि तवशेषत्वविभवात् ॥

बहिर्भूतं नाथ क्षणमपि सहेयातु शतधा ।
विनाशं तत्सत्यं मधुमथन विज्ञापनमि-
दम् ॥६०॥

હે નાથ ! આપના કૈંકર્ય વૈભવથી વિમુખી દેહ, પ્રાણ, સુખ, સર્વ ઇચ્છિત વસ્તુ, આત્મા તેમજ બીજી કોઇ પણ વસ્તુને ચાહતો નથી. હે મધુ મથન ? આ મારી પ્રાર્થના સાચી માનો અને આપના કૈંકર્ય વિરોધી જે હોય તે સર્વે સો પ્રકારે નાશ પામો. ૬૦

ટીકા—પ્રાણ=વાયુ. તે પાંચ છે. પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન.

કૈંકર્ય વિરોધી=સેવા કરવામાં બાધ કરનાર. સેવાના ઉપયોગમાં ન આવે તેમ વર્તનાર. મતલબ કે ભગવાનની શેવા અર્થે ન આવતા એવા દેહાદિ સર્વ નાશ પામો. ને તે સર્વ દેહાદિ ભગવાનની શેવામાં વપરાય તોજ તે સાર્થક છે.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી કહે છે કે હું ઘણો પાપી છું, પણ આપના શુભ ગુણો યાદ કરી કરીને ભય રહિત થાઉછું તે કહે છે.

दुरन्तस्यानादेरपरिहरणीयस्यमहतो ।
विहीनाचारोहंनृपशुरशुभस्यास्पदमपि ॥
दयासिंधोबंधोनिरवधिकवात्सल्यजलधे ।
तवस्मारंस्मारंगुणगणमितीच्छामिगत-
भीः ॥६१॥

હે ભગવન ? હું ઘણા નીચ આચારવાળો, મનુષ્યમાં પશુની બરાબર, અને અપાર, અનાદિ તથા ન તજી શકાય એવું જે અજ્ઞાન તેના ઘર રૂપ છું; તોપણ હે દયાના સમુદ્ર ? હે જગતના બંધુ ! હે અપાર વાત્સલ્યના સમુદ્ર ! આપના અનેક શુભ ગુણના સમુહને વારંવાર સંભારીને ભય રહીત જે હું તે પ્રથમ કહેલી ઈચ્છાને ઈચ્છુંછું. ૬૧.

ટીકા—મતલબ કે મારા પાપ વગેરેની તરફ જોઉં તો ઉપર કહી ગયા પ્રમાણે મને ભક્તિ વગેરે નજ મળવા જોઈએ, પણ આપના દયા સિંધો વગેરે અપાર શુભ ગુણો તરફ જોઇને એ ઇચ્છા કરેલ છે. કેમકે આપના એવા ગુણો છે તેથી મારા અપરાધ સામું આપ નહીં જુઓ એમ ખાત્રી છે.

હવે યામુનાચાર્ય સ્વામી આપજ મારા મનને શીખવે। તે પ્રકારે ભગવાનની પ્રાર્થના કરે છે–

अनिच्छन्नप्येवंयदिपुनरपीच्छन्निव रजः
स्तमश्छन्नं छद्मस्तुतिवचनभङ्गीमर-
चयम ॥
तथापीत्थंरूपंवचनमवलम्ब्यापिकृपया ।
त्वमेवैवंभूतंधरणिधरमेशिक्षयमनः ॥६२॥

હે ધરણીધર ! આ સ્તુતિ કરવામાં હું ઇચ્છા વિનાનો છું, તોપણ ઇચ્છાવાળાની પેઠે રજો ગુણ ને તમોગુણથી ઢંકાયેલી કપટ સ્તુતિની રચના રચી છે; તોપણ આપ એવાં કપટોનાં વચનોને કબુલ રાખીને એ પ્રકારના મારા મનને આપ નિર હેતુક દયા કરીને સુધારો. ૬૨.

હવે મારા સર્વ પ્રકારે આપ બંધુ છો તેથી મારો બધો ભાર આપના ઉપર છે તે કહે છે.

पितात्वंमातात्वंदयिततनयस्त्वंप्रियसु-
हृत् ।

त्वमेव त्वं मित्रं गुरुरपि गतिश्चासि जगताम्।
त्वदीयस्त्वद्भृत्यस्तव परिजनस्त्वद्गतिरहं।
प्रपन्नश्चैवं सत्यहमपि तवैवास्मि हि भरः ६३

હે ભગવન! આપ આ સર્વ જગતના પિતા, માતા, પ્રિય પુત્ર, પ્રિય ભાઇ, મિત્ર, ગુરૂ, અને બધા પુરૂષાર્થને દેવાવાળા છો; અને હું આપનો સંબંધી, ચાકર, આશ્રિત અને શરણાંગતછું; એવો મારો તથા આપનો સંબંધ છે માટે હું પણ આપનો ભારરૂપ છું એટલે મારા રક્ષક આપજ છો. ૬૩.

ટીકા—મતલબ કે આપને વિષે મેં મારો ભરન્યાસ કરેલ છે એટલે મારા પ્રિયબંધુ, મા, બાપ વગેરે સર્વ આપજ છો એવો મેં નિશ્ચય કરેલ છે; માટે મારા રક્ષક આપજ છો. કેમકે પુત્રની રક્ષા માબાપે કરવીજ જોઇએ.

પુરૂષાર્થ—એ પાંચ છે, તે વિષે પ્રથમ ચોથા શ્લોકમાં લખેલ છે. કેટલાએક ચાર પણ ગણે છે તે એવી રીતે કે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ.

હવે ઉત્તમ કુળમાં જન્મ મળ્યા છતાં હું અજ્ઞાનમાં ડુબુછું તે વિષે કહે છે.

जनित्वाहं वंशे महति जगति ख्यातयशसां ।
शुचीनां युक्तानां गुणपुरुषतत्वस्थितिवि-
दाम् ॥
निसर्गादेव त्वच्चरणकमलैकान्तमनसा ।
मधोधःपापात्मा शरणद निमज्जामि तम-
सि ॥६४॥

હે શરણદ! [ઉપાય દેનારા!] જગતમાં પ્રખ્યાત કિર્તિવાળા, મહા પવિત્ર, યોગાભ્યાસી, તેમજ ગુણ, પુરૂષ, અને તત્વ એ સર્વના સ્વરૂપને યથાર્થ (સંપૂર્ણ જેમ છે તેમ) જાણવાવાળા, તથા પોતાના સ્વભાવથીજ આપના ચરણ-કમલમાં મન આપનારા એવા [જે શ્રી નાથમુની વગેરે આચાર્યો તેમના] મહા વંશમાં જન્મ લઇને પાપાત્મા એવો જે હું તે નીચથી પણ નીચ ને અજ્ઞાન તેમાં ડુબુ છું. માટે મારા રક્ષક આપજ છો. ૬૪.

ટીકા.—ગુણ ત્રણ છે. તે માયાના છે. ૧ સત્વ, ૨ રજ, ને ૩ તમ. પુરૂષ=જીવ. ને તત્વ ૨૪ છે તે નીચે પ્રમાણે— ૧ મૂળ પ્રકૃતિ (માયા.), ૨ મહતત્વ, ૩ અહંકાર, પાંચત-

માત્રા [૪ શબ્દ, ૫ સ્પર્શ, ૬ રૂપ, ૭ રસ ને ૮ ગંધ], પાંચભૂત (૯ આકાશ, ૧૦ વાયુ, ૧૧ તેજ, ૧૨ જળ, ૧૩ પૃથ્વી), એકાદશ એટલે અગીઆર ઇંદ્રીઓ તેમાં પાંચ જ્ઞાનેંદ્રિ (૧૪ આંખ, ૧૫ નાક, ૧૬ જીભ, ૧૭ કાન, ૧૮ ચામડી), પાંચ કર્મેંદ્રી [૧૯ વાક્ એટલે બોલવાની, ૨૦ પાણિ એટલે હાથ, ૨૧ પાદ એટલે પગ, ૨૨ પાયુ એટલે ગુદા ૨૩ ઉપસ્થ એટલે ગુહ્યેંદ્રી], ને ૨૪ મન એ રીતે સર્વ મળી ચોવીશ તત્વ છે. અને તેમાં જીવ તથા ઇશ્વર એ બે મેળવીને ગણે તો છવીશ થાયછે. હવે—ઘણા દોશવાળો હું તે આ સંસારરૂપ સમુદ્રને ઉતરી ભગવાનના ચરણારવીંદમાં કેમ જઇશ તે વિશે કહેછે.

अमर्यादःक्षुद्रश्चलमतिरसूयाप्रसवभूः ।
कृतघ्नोदुर्मानीस्मरपरवशोवञ्चनपरः ।
नृशंसःपापिष्ठःकथमहमितोदुःखजलधे।
रपारादुत्तीर्णस्तवपरिचरेयंचरणयोः॥६ ९

હે ભગવન! હું જે મર્યાદા રહિત, અત્યંત તુચ્છ, ચંચળ બુદ્ધિવાળો, અસૂયા [ઇર્ષા] ના જન્મનું સ્થાનક, કૃતઘ્નિ, મહા અહંકારી, કામદેવને આધીન, છેતરવામાં પ્ર-

રાયણ [ઠગ] અત્યંત ક્રૂર, મહા પાપી વગેરે દોષોથી ભરેલો છું તે આ અપાર દુઃખરૂપ સંસાર સમુદ્રને કેમ ઉતરીને આપના ચરણાર્વીંદની શેવા કરીશ. ૬૫.

ટીકા.—મતલબ કે હું. ઉપર કહ્યા એવા ઘણા દુર્ગુણોવાળો છું તેથી આ દુઃખરૂપ સંસારસમુદ્રને કેમ તરી આપના ચરણમાં આવીશ. કેમકે હું જેવા પાપીને તો અધમ [નર્કાદિ] ગતિ મળે. તોપણ વળી વિચાર કરી નીચેના શ્લોકથી કહેછે—

હવે જયંત, શિશુપાળ, વગેરે મહા અપરાધ કરનારની પણ આપે રક્ષા કરી તો મારી પણ રક્ષા આપ કરશોજ તે વિશે કહે છે—

मालिनी.

रघुवरयद[illegible]स्त्वंतादृशोवायसस्य ।
प्रणतइतिदयालुर्यश्चचैद्यस्य[illegible]ष्ण ॥
प्रतिभवमपराध्धुर्मुग्धसायुज्य[illegible]भूर ।
वदकिमपदमागस्तस्यतेऽस्तिक्षमायाः ६६

હે રઘુવર! (રામચંદ્ર!) મહા અપરાધી કાગડારૂપી

જયંતની ઊપર તે શરણાગત છે એટલુંજ કારણ માનીને આપ તેના ઉપર દયાળુ થયા. તેમજ હે અતિ સુંદર શ્રીકૃષ્ણ! જન્મ જન્મ પ્રત્યે મહા અપરાધી એવા જે શિશુપાળ તેને પણ આપે સાયુજ્ય મુક્તિ દીધી તો તેઓના અપરાધ આપ કહો કે શું તે આપની ક્ષમાના સ્થાન વિનાના છે? [ના, ક્ષમાનાજ છે.] ૬૬.

ટીકા.—મતલબ કે મહા અપરાધી જયંત અને શિશુપાળ વગેરેની રક્ષા કરવાવાળા આપ મારી રક્ષા નહીં કરો? [કરશોજ.]

જયંતની કથા વિશે કહ્યું છે કે—જ્યારે શ્રી રામચંદ્રજી અયોધ્યાથી વનમાં ગયા ત્યારે ચિત્રકોટ ઉપર ઈંદ્રનો પુત્ર જયંત રામચંદ્રજીમાં કેટલું સામર્થ્ય છે તે જોવા માટે કાગડાનું રૂપ લઇ સીતાજીના ચરણમાં ચાંચ મારીને નાઠો તે જોઇ રામચંદ્રજીએ તેના પર એક બાણ મૂકયું. [કેટલાએક દર્ભની સળી મંત્રી મૂક્યાનું પણ કહે છે]. જેથી જયંત ઈંદ્ર બ્રહ્મા વિષ્નુ ને શંકર પાસે એમ સર્વ લોકમાં ફર્યો પણ રામચંદ્રજીનો અપરાધ કરનાર જાણી કોઇ તેની રક્ષા કરી ન શકવાથી થાકશે ને પાછું વાળી જુએ છે તો બાણ પાછળનું પાછળ લાગેલુંજ છે તેથી મહા અફસોસમાં ભાગ્યો જાય છે;

તેવામાં નારદજી મળ્યા ત્યારે જયંતે ઉતાવળથી પ્રણામ કર્યા; ને તુરતજ ભાગવા માંડયું. દૂરથીજ નારદજીએ આવી રીતે ભયભીત થઇ ભાગવાનું કારણ પૂછયું. ત્યારે જયંતે સર્વ વાત સંક્ષેપથી કહી બતાવી. હવે નારદજી સંત હોવાથી તેનું દુઃખ જોઇ દયા આવી અને જયંતને સંક્ષેપમાંજ બોધ કરી પાછા ફરી રામચંદ્રજીના ચરણમાં જઇ મારી રક્ષા કરો એ પ્રમાણે કહી પડવા કહ્યું જેથી તે ત્યાંથી પાછો ફરી ભગવાન રામચંદ્રજીના ચરણોમાં આવી પડ્યો ને કરેલ અપરાધ માટે માફી માગી તેને રામચંદ્રજીએ જોકે તેનો અપરાધ જોતાં તો શીરચ્છેદ કરવો જોઇએ પણ પાછો ચરણોમાં આવ્યો તેથી દયા લાવી ફક્ત એક આંખ ફોડી છોડી મૂકયો.

શિશુપાળ વિશે કહ્યું છે કે—જય વિજય નામે વિશ્નુ ભગવાનના બે પરોળીઆ [દરવાની] હતા. તેમણે સનકાદિરૂષિ ભગવાન વિષ્ણુ પાસે જતા હતા તેમને અટકાવવાથી (રજા સિવાય ન જવા દેવાનું કહેવાથી) શ્રાપ દીધો કે તમો રાક્ષસ થઇ પૃથ્વી ઉપર પડો. આ ઘોર શ્રાપ સાંભળી તેઓએ તે શ્રાપથી નિરવાણ થવા ભગવાનની પ્રાર્થના કરી તેમાં બીજી રીતે સાત જન્મે અને વૈરભાવે ત્રણ જન્મે ફરી ભગવાનના પદને પ્રાપ્ત થવાનું કહેવાથી અનુક્રમે ૧ હીરણ્

ણાક્ષને હીરણ્યકશ્યપુ, [તેને વરાહને નૃસિંહરૂપ લઇ ભગવાને માર્યા.] ૨ રાવણ ને કુંભકર્ણ [તેને રામચંદ્રનો અવતાર લઈ માર્યા] ૩ શિશુપાળ ને દંતવક્ર [તેને કૃષ્ણાવતાર લઇ માર્યા:] એ રીતે ત્રણે જન્મમાં અપરાધ કરનાર શિશુપાળને આપે સાયુજ્ય મુક્તિ આપી. તો હું પણ આપના શરણમાં આવ્યો છું તો આપ મારી પણ રક્ષા કરો.

મુક્તચાર પ્રકારની છે. ૧ સાયુજ્ય (જેમ પાણીમાં પાણી મળી જાય તેમ પરમેશ્વરમાં મળી જવું તે.) ૨ સામીપ્ય (પરમેશ્વરની હજુરમાં રહેવું તે.) ૩ સાલોક્ય (પરમાત્માના ધામ વૈકુંઠમાં રહેવું તે.) ૪ સારૂપ્ય (પરમાત્માના જેવું ચતુર્ભુજાદિ રૂપ થવું તે.)

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી કહે છે કે હે ભગવન્! આપ, હું તમારો છું એ પ્રમાણે કહેનારની સર્વ પ્રકારે રક્ષા કરોછો તો મારી કેમ રક્ષા કરતા નથી તે વિશે કહે છે.

उपेंद्रवज्रा.

ननुप्रपन्नस्सकृदेवनाथ ।
तवाहमस्मी तियाचमानः ॥

तवानुकम्प्यःस्मरतःप्रतिज्ञां ।
मदेकवर्ज्यंकिमिदंव्रतंते ॥६७॥

હે નાથ ! (કોઇ પણ જીવ) હું આપનો છું, એવી રીતે એક વખત પણ આપની પાસે, પ્રાર્થના કરે તો આપ આ મારો શરણાગત છે એવી આપની પ્રતિજ્ઞાને સંભારીને, તે જીવપર દયા કરો છો. તો શું આપની પ્રતિજ્ઞા મારા એકનો ત્યાગ કરી બીજા જીવોને માટેજ છે? (સર્વને માટે છે.) ૬૭

ટીકા—મતલબ કે સર્વ શરણાગતોની આપ રક્ષા કરો છો તો મારી રક્ષા નહીં કરો? કરશોજ.

શરણાગતની રક્ષા કરવા બાબત શ્રી રામચંદ્રજીએ જ્યારે વિભિષણ લંકામાંથી રાવણ વગેરે સર્વનો ત્યાગ કરી સમુદ્ર પાર વાનરસૈન્યમાં આવી.

अत्रद्वयं पितरं मातरं दारान् पुत्रान् बंधुन् सखीन् गुरुन्, रत्नानिधनधान्यानि क्षेत्राणिच गृहाणिच, सर्व धर्मांश्च संत्यज्य सर्व कामांश्च साक्षरान्, लोक विक्रांत चरणौ शरणं ते वृजे विभो.

હે સમર્થ રામચંદ્રજી! આપના ત્રણે લોકને ભરનાર ચરણકમળના શરણમાં આ લોકનાં બાપ, મા, સ્ત્રી, પૂત્ર, ભાઇ, મિત્ર, ગુરૂ, રત્ન, ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, બધા ધર્મ, અને મોક્ષાદિ સર્વ મનોરથનો ત્યાગ કરીને આવેલ છું માટે મારી રક્ષા કરો. એ પ્રમાણે બોલી સાષ્ટાંગ પ્રણામ કર્યા. ત્યારે સુગ્રીવાદિ સર્વ વાનરોનો હવે વિભિષણ માટે શું કરવું તે બાબત મત પૂછ્યો. તો સૌએ યથામતિ (બુદ્ધિ પ્રમાણે) રાક્ષસનો વિશ્વાસ ન કરવો ઈત્યાદિ મત આપ્યો. પણ રામચંદ્રજીએ કહ્યું કે—

सकृदेवप्रपन्नायतवास्मीतिचयाचते।
अभयंसर्वभूतेभ्योददाम्येतद्व्रतंमम ॥१॥

હું આપનોછું, એ રીતે એકવાર યાચના (માગણી] કરે તો હું તે શરણાગતને સર્વ પ્રાણી માત્રથી અભય આપું છું એ મારૂં વ્રત છે. એ પ્રમાણે કહી વિભિષણને લંકાના રાજનું તિલક કર્યું હતું.

લોક ત્રણ છે. ૧ સ્વર્ગ, ૨ મૃત્યુ, ૩ પાતાલ. કેટલાએક ચૌદલોક પણ કહે છે, તે એવી રીતે કે. ૧ અતલ, ૨ વિતલ, ૩ સુતલ, ૪ મહાતલ, ૫ રસાતલ, ૬ તલાતલ,

ને ૭ પાતાલ એ સાત પાતાળ તથા ૮ ભૂર્લોક, ૯ ભૂવર્લોક, ૧૦ સ્વર્લોક. ૧૧ મહર્લોક, ૧૨ જનલોક, ૧૩ તપલોક અને ૧૪ સત્યલોક.

હવે શ્રી યામુનાચાર્ય સ્વામી, ભગવાનને આપના ભક્તો-માં આગેવાન મારા પિતામહ નાથમુનીસ્વામી તરફ જોઇ પોતા ઉપર પ્રસન્ન થવા કહે છે–

अकृत्रिमत्वच्चरणारविन्द ।
प्रेमप्रकर्षावधिमात्मवन्तम् ॥
पितामहंनाथमुनिंविलोक्य ॥
प्रसीदमद्वृत्तमचिन्तयित्वा ॥६८॥

હે હરે ! મારા કર્મો તરફ ન વિચારતાં, સ્વાભાવિક રીતે આપના ચરણારવીંદમાં પ્રેમ તેના સિમાડા રૂપ (અતિ પ્રેમવાળા), તથા જ્ઞાની જે મારા પિતામહ નાથમુની-સ્વામી તેના તરફ નજર કરીને મારી ઉપર પ્રસન્ન થાઓ. ૬૮.

ટીકા–મતલબ કે મારા કર્મો તો ઘણા અઘટિત છે તો પણ કાંઇ નહીં તો હું, મહાત્મા શ્રી નાથમુનીનો પૂત્રછું

એટલુંજ વિચારી મારા ઉપર પ્રસન્ન થાઓ. એવી રીતે પુસ્તકની સમાપ્તીમાં પણ પોતાના ગુરૂ શ્રીનાથમુનીસ્વામીને ફરી યાદ દેવરાવી ગ્રંથ સમાપ્ત કરેલ છે.

હવે આ નિચે લખેલો છેલ્લો શ્લોક આલવંદારનો નથી પણ મહાત્મા શ્રીરામાનુજ સ્વામીનો બનાવેલ છે, પણ તે આલવંદારસ્તોત્રની સાથે બોલાય છે માટે લખેલ છે. તે શ્લોક અંતે ત્રણ વખત બોલવાની રૂઢિ છે.

अनुष्टुप्.

यत्पदाम्भोरुहध्यानविध्वस्ताशेषकल्मषः॥
वस्तुतामुपयातोऽहं यामुनेयं नमामि तम्
॥६९॥

જે શ્રી યામુનાચાર્ય સ્વામીના ચરણકમલના ધ્યાનથી જેના સર્વ પાપ નાશ થયાં છે; એવો જે હું [રામાનુજ) તે ઉપાદેય વસ્તુ જે ભગવાન તેને પ્રાપ્ત થયો. તે યામુનાચાર્ય સ્વામીને હું નમસ્કાર કરૂં છું. ૬૯.

इति श्रीयामुनाचार्यविरचितम् आलवंदार स्तोत्रं संपूर्णम्.

श्रीगोपालकृपापात्रंश्रीरंगार्यपदाश्रितं ॥
मंत्रत्रयप्रदातारं श्रीपद्माक्षगुरुंभजे ॥१॥

શ્રી ગોપાલાચાર્ય સ્વામીની કૃપાનું સ્થાનક, તથા શ્રી રંગાચાર્યસ્વામીના ચરણારવીંદના આશ્રિત (સમાશ્રિત થયેલા), અને અમો વગેરે શ્રી વૈશ્નવોને મંત્રત્રય [અષ્ટાક્ષર, દ્રયને શરણાગતિ]ને દેવાવાળા શ્રી કમલનયન સ્વામીને હું નમસ્કાર કરૂં છું. ૧

શ્રીરંગેશાયનમઃ

આ પુસ્તકના ગ્રાહકો મેળવવા તથા કેટલાએક શ્લોકના ભાવાર્થ સમજવા વગેરે બાબતમાં અત્રે વંડાના રહીશ ભટ્ટ પ્રાગજી વિ. નથુએ ઘણી સહાય કરેલ છે માટે તેમનો ઉપકાર માનીએ છીએ.

આ પુસ્તક માટે અગાઉથી ગ્રાહકો થઇ તથા બીજા ગ્રાહકો મેળવી આપી પૂર્ણ સહાય કરનાર—જુનાગઢ નિવાસી સ્વામીશ્રી કૃષ્ણ પ્રપન્ન શ્રી નિવાસસ્વામી તથા રા. રા. મહેરબાન અમરજીભાઇ આણંદજી ભાઇ કચ્છી તથા થોરડીના પટેલ રામભાઇ માવજી અને જામનગરના ખત્રી રા. વલભજીભાઇ કેશવજી તેમજ તુલસીસ્યામના મહંત શ્રી ગોવર્ધનદાસજીનો નીચે લખ્યા પ્રમાણે ગ્રાહકોના લીષ્ટમાં નામ ઉપરાંત અતિ આભાર માનીએ છીએ.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઇ પાંચ અને તે ઉપરાંત-
ની નકલો ખરીદ કરનારના હેંડબીલમાં લખ્યા પ્રમાણે
મુબારક નામો અમર રાખવા કરેલી નામોની યાદી.

જુનાગઢ.

૪૦ સ્વામી શ્રી કૃષ્ણ પ્રપન્ન શ્રી નિવાસ સ્વામીજી.
૫ રા. રા. મે. અમરજીભાઇ આણંદજી ભાઇકચ્છી.
૫ રા. અનતજીભાઇ કુંવરજી.
૫ રા. વીપ્ર માધવજી ધનજી.

થોરડી.

૨૦ પટેલ રામભાઇ માવજી.
૫ પટેલ ગોપાળ માવજી.
૫ ” મેઘજીભાઇ માવજી.
૫ ” કુરજી માવજી.
૫ દેશાઇ અમરજીભાઇ વીરજી.
૫ મોદી માવજી રાયચંદ.
૫ બાવાજી ભગવાનદાસ તુલસીદાસજી.

જામનગર.

૩૦ રા. ખત્રી વલભજીભાઇ કેશવજી.

તુલસીશ્યામ.

૨૫ રા. રા. મહંત શ્રી ગોવર્ધનદાસજી.

મેવાસા.

૫ ખુમાણ શ્રી લક્ષ્મણભાઈ ભગવાન.
૫ ” હસુરભાઇ ભગવાન.
૫ ” જીવાભાઇ ભગવાન.

બવાડા.

૧૫ પટેલ રામજી મેઘજી.

રાણીગામ.

૧૦ પટેલ હરદાસ રામજી.

ભોબા.

૧૦ ખુમાણ શ્રી રૂખડભાઇ હમીરભાઇ.

વાલેરા.

૫ ઠા. રામજીભાઇ વશરામ.
૫ ” વનમાલી મનોર.

ખોરાસા.

૫ ઠા. પ્રાગજી માધવજી.

મેકડા.

૫ ખુમાણ શ્રી દાદાભાઈ ભગવાન.
૫ ભગત વહાલદાસજી મહારાજ.

સીહોર.

૫ મહંત શ્રી લક્ષ્મણ પ્રપન્ન શ્રી નિવાસદાસ.

ધારાજી.

૧ રા. વૈદરાજ ભાણજીભાઇ દામજી.

ધોળકા.

૫ રા. મુખતાર વકીલ શ્રી દેવચંદભાઇ નરોત્તમદાસ.

સરેરા.

૫ વીપ્ર ત્રીભોવન સુવજી.

કુંડલા.

૫ રા. રા. પારેખ બાપુભાઇ માધવજી.

ભુવા.

૫ મહારાજ શ્રી રામદાસ ગુરૂ જાનકીદાસજી.

દસા.

૫ ભટ્ટ હરીરામ ધનેશ્વર.

ચોતળ.

૫ વીપ્ર મકનજી આણંદજી.

કરીઆણા.

૫ ભટ્ટ ગોકળદાસ કાળીદાસ.

લખતર.

૫ રા. રપે. આ. માધવજીભાઇ ચતુર.

વડોદરા.

૫ શા. નાથાલાલ લક્ષ્મીચંદ.

ઊના.

૫ આજમ તા. મા. પુરૂષોત્તમ વિઠ્ઠલ.

જામકા.

૫ મોદી હંસરાજ ગોવીંદજી.

ભાવનગર.

૫ મેતા છબીલદાસ ભગવાન.

શાપૂર.

૫ બાવાજી કેશવદાસજી.

જાંબુડા.

૫ મહંત શ્રી સોમવારગરજી ગુરૂ વશરામગરજી.

વંડા.

૫ ત્રંવાડી ભવાનીશંકર રણછોડ.

૫ ત્રવાડી વશરામ હરીશંકર.

૫ ભટ્ટ હરજીવન દામજી.

૫ વ્યાસ પ્રેમજી મૂળજી.

૫ ભટ્ટ જટાશંકર નાગજી.

૫ જોશી પ્રાણજીવન નથુ.

૫ ભટ્ટ ગૌરીશંકર રગનાથ.

૫ ખુમાણ ઉનડભાઇ હમીર.

૫ ખુમાણ ભાયાભાઇ દાના.

૫ ખુમાણ ભાણભાઇ દેસા.

૫ પટેલ કાબા ધનજી.

૫ પટેલ અભેચંદ ધનજી.

૫ શેઠ પ્રેમચંદ લાલચંદ.

૫ પટેલ ડોસા ગોપાળ.

૫ રાદડીઆ પાતા ગોપાળ.

૫ રામાણી માધા અરજણ.

પ પાંચાણી કાળા વેલા.
પ ઠા. કાનજી કલ્યાણ.
પ ઠા. જીવરાજ ભાણા.
પ સોની અરજણ હર્સુર.
પ સોની બાલા ભાયા.
પ જોશી આણંદજી ભુદરજી.
પ ત્રવાડી રામજી ઝીણા.
પ ત્રવાડી કેશવજી મેઘજી.
પ ભટ્ટ ગવરીશંકર સોમનાથ.
પ ખુમાણ પાતાભાઇ મામૈઆ.
પ ખુમાણ નાગભાઇ લુણવીર.
પ ખુમાણ પીઠાભાઇ રામા.
પ વીછીઆ વાઘા રામભાઇ.
પ મેતા મોતીચંદ લાલચંદ.
પ મેતા વેલચંદ લાલચંદ.
પ મેતા ખુશાલ લક્ષ્મીચંદ.
પ પટેલ દેવરાજ મેપા.

પ રામાણી ડાયા ગીગા.
પ વઘાશીઆ દેવરાજ હરજી
પ ઠા. નારણ કલ્યાણ.
પ ઠા. વશરામ જાદવજી.
પ ઠા. મીઠા રામજી.
પ સોની મામૈઆ રામ.
પ ઠા. ગોકળદાસ પરસોત્તમ.

પીપાવાવ.

પ રા. મહેતાજી કેશવજીભ શંભુ.
પ ખુમાણ ભાયાભાઇ જુઠા.
પ ભટ્ટ મૂળશંકર દેવશંકર.
પ ખુમાણ નાજાભાઇ ભાયા

રાજુલા.

પ દેશાઇ આણંદજી નારણ

મોલી.

પ પટેલ નારણભાઇ જેરામ

प्रपन्नाशिक्षामृत.

કીંમત રૂ ૦–૬–૮

એ નામનો સંક્ષિપ્ત ધર્મગ્રંથ રૂ
કીંમતે અથવા વેલ્યુપેબલ પારસલથી મ
પદ્મનેત્ર દેશિક તનયા, ૨ શ્રીપદ્મનેત્રાષ્ટક
લદેશિક તનયા, ૪ શ્રીગોપાલપ્રપત્તિદશક,
શિ:આમૃત, ૬ સંક્ષિપ્ત અર્થપંચક, ૭ જયંતાનીર્ણ
સંગ્રહ, ૮ એકાદશીનીર્ણયસાર, ૯ અવતારબોધ, ૧
સંક્ષિપ્તપુજનવિધિ, ૧૧ શ્રીનારાયણાષ્ટક તથા, ૧૨ શ્
મંગલાષ્ટક એ પ્રમાણે બાર વિષય લખેલ છે, સર્વે અ
સ્તિક સજ્જનો તેમાં શ્રીવૈષ્ણવોને આ ગ્રંથ અવશ્ય
ચવા યોગ્ય છે,

મહેતાજી નથુ ભગવાન ધોલકીય

મુ૦ વંડા,

કુંડલેથઇને.

(કાઠીયાવાડ.)